# પ્રકરણ:૧: ભારતીયતાની વિભાવના

૧:૧ 'ભારત' - સંજ્ઞા, અર્થસંકેત

૧:૨ 'ભારતીય' - સંજ્ઞા સમજ

૧:૩ 'ભારતીયતા' - કોશગત અર્થ-એનું વિવરણ

૧:૪ 'ભારતીયતા' - વિવિધ શ્લોક, સૂત્રો વગેરે દ્વારા, વિવરણ

૧:૫ 'ભારતીયતા' - ભૌગોલિક,સામાજિક,રાષ્ટ્રીય,સાંસ્કૃતિક અસ્મિતા સંદર્ભે

૧:૬ 'ભારતીયતા'ની વિભાવના - વિવિધ સંદર્ભો, વિદ્વાનોના મંતવ્યો

૧:૭ ભારતીયતા અને રાષ્ટ્રીયતા

૧:૮ 'ભારતીયતા':

- અનેકતામાં એકતા
- વૈશ્વિકતા
- માનવતાવાદી વલણ, આદર્શનિરૂપણ

૧:૯ 'ભારતીયતા' - બદલાતો પરિપ્રેક્ષ્ય:

- આધુનિકતા સંદર્ભે
- વૈશ્વિકીકરણ સંદર્ભે

૧:૧૦ 'ભારતીયતા'ની વિભાવના :

- મૂળ સ્ત્રોત
- રાષ્ટ્રીય સંસ્કૃતિ- અતિક્રમણ
- કેવળ આદર્શ?-આજે એની સાભિપ્રાયતા કેટલી?
- ભારતીયતા અને વૈશ્વિકતા

# પ્રકરણ-:૧ : ભારતીયતાની વિભાવના

## ૧:૧: 'ભારત'-સંજ્ઞા,અર્થસંકેત

ભારતદેશ આપણો દેશ છે જેનું નામ ઉચ્ચારતા દરેક ભારતવાસીની છાતી ગજગજ ફૂલી છે. એનું કારણ એની બહુવિધતા છે. ભાષા, રાજયો, પ્રાન્ત, ધર્મ, જ્ઞાતિ, જૂથો અને સંસ્કારની બહુવિધતા એની નસેનસમાં વહ્યાં કરે છે. અનેકમાં પોતાને વિખેરી નાખવાનું આ ભારતવર્ષનો સ્વભાવ નથી. તે 'એકોડહમ્ બહુસ્યામ્'ની માફક વિલસે છે. તે એકને પામવા ઈચ્છે છે એટલે બહુને એકમાં ભેગું કરવું એ જ પ્રકૃતિ છે.

'ભારત' સંજ્ઞાએ વિવિધ વિદ્વાનોને આકર્ષ્યા છે. એની વિવિધ ઓળખો આપવા એ બધાંને અહીં વિગતે ન તપાસીએ તોય એટલું તો ચોક્કસ કહી શકાય કે,"ભા (જ્ઞાન) + રત (આસકત)"[૧] એવો જે અર્થ પ્રાપ્ત થાય છે. તે એની ઓળખ બને છે. કેટલાંક એને આ રીતે પણ સમજાવે છે.

✶ "ભારત એક પ્રાચીનતમ્ વિશાળ ભૂ-ખંડ છે."[૨]

✶ જૈન અનુશ્રુતિના આધારે "ભગવાન ઋષભદેવના જયેષ્ઠ પુત્ર ભરતનું એક પૌરાણિક અનુશ્રુતિના આધારે પાંડવ વંશીય, દુષ્યન્તનો ચક્રવર્તી પુત્ર ભરતના વંશજોને 'ભારત'કહેવામાં આવ્યા અને તેઓના જ નામ પર દેશનું નામ ભારત પડયું."[૩]

✶ "'આગ્નેય ભારત'- આ શ્રુતિની 'ભારતગ્નિ'ના ઉપાસકો પણ ભારત કહેવાયા હશે અને(ભા= જ્ઞાન, પ્રકાશમાં 'રત' લીન) તેઓના પ્રકાશથી ઓતપ્રોત રહેવાને કારણે પણ અહીના નિવાસી ભારત નામથી પ્રસિદ્ધ થયા હતા."[૪]

✶ મહર્ષિ વેદવ્યાસ પ્રણિત 'શ્રી વિષ્ણુ પુરાણ'માં ભારતની પ્રશંસા કરતાં પરાશરે કહ્યું:

"ઉત્તરં યત્ સમુદ્રસ્ય હિમાદ્રશ્ચેવ દક્ષિણમ્ ।

વર્ષં તદ્ ભારતં નામ ભારતી યત્ર સંતતિઃ"॥

"સમુદ્રની ઉત્તરમાં અને હિમાલયની દક્ષિણમાં જે રહેલું છે તે ભારતવર્ષ અથવા ભરતખંડ છે જેમાં ભરત રાજાની સંતતિ અથવા પ્રજા વસી છે."[૫]

✶ મત્સ્ય મહાપુરાણમાં ભારતવર્ષના વર્ણનમાં 'ભરત' વિશે વર્ણવ્યું

"આ સૃષ્ટિ ઉત્પન્ન કરવાથી અને ભરણ પોષણ કરવાથી મનુને 'ભરત' નામ કહે છે. પ્રકૃતિ અને પ્રત્યયને અનુકૂળ અર્થ કરવાથી ભરતના નામ ઉપરથી જ આ દેશને ભારતવર્ષ કહે છે.જયાં મનુષ્યને સ્વર્ગ, મોક્ષ તેમજ સ્વર્ગ અને મોક્ષના મધ્યમભાવ આ ત્રણ સ્થાનોની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ જયાંના નિવાસીઓને પૂર્વોકત ત્રણેય પ્રકારની અવસ્થાનો અનુભવ થાય છે તે 'ભારતવર્ષ' છે."[૬]

✶ વાયુપુરાણ અનુસાર "મનુરાજાને લોકોનું પોષણ કરવાવાળા અર્થમાં

'ભરત'કહેવામાં આવ્યા છે. તો ગાથા અનુસાર એક મહાયોગી

તેમજ ગુણવાન રાજર્ષિ જે 'જડ ભરત' નામથી સુવિખ્યાત છે.

અજનાભવર્ષના રાજા નાભિના પુત્ર ઋષભદેવને ઇન્દ્રની કન્યા

જયન્તીથી સો પુત્ર થયા જેમાંથી આ જયેષ્ઠ હતો. પહેલા 'ભારત'

આ દેશનું નામ 'અજનાભવર્ષ' હતું પાછળથી તેના નામથી આ

દેશનું નામ 'ભારતવર્ષ' થયું."[૭]

ઉપરાંત શ્રી વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ, વાયુપુરાણ જેવાં પુરાણોમાં પણ આપણને આવા પૌરાણિક સંદર્ભો પ્રાપ્ત થાય છે. પૌરાણિક સંદર્ભોની સાથોસાથો ભૌગોલિક સંદર્ભો પણ એની સાથે જોડાય છે. જે આપણને સાંસ્કૃતિક સીમા સુધી પણ લઇ જાય છે. કાશ્મીરથી કન્યાકુમારી કે દિબ્રુગઢથી દ્વારકા વચ્ચેનું આ કેવળ ભૂમિ ક્ષેત્ર નથી. આપણા કવિ – ઉમાંશંકર જોશી કહે છે કે,

"ભારત જગતની જમાત વચ્ચે

મનુકુલ-મનનની ધારા"[૮]- એની સાંસ્કૃતિક વિલક્ષણતા પણ એમાં સૂચિત છે. આ "ભારત" કે "ભારતવર્ષ"ને એટલે જ શ્રી હરિભદ્રસૂરિ "અમૂલ પ્રકૃતિ અને સંસ્કૃતિનું ક્રિડાંગણ લેખે છે."[૯] આ અને આવાં અન્ય તત્ત્વોની એકાત્મકતાનાં દર્શન ભારતનો મુદ્રા લેખ બને છે.

## ૧:૨: 'ભારતીય'-સંજ્ઞાસમજ

આ ભારત સાથે સંબંધિત ભારતવર્ષનો વતની ભરત ગોત્રમાં જન્મેલો કે ભારતદેશ સાથે જે જોડાય છે એને 'ભારતીય' તરીકે ઓળખાવ્યો છે. આવા ઋષિ અને કૃષિ સંસ્કૃતિના આ દેશમાં જેમ વિરાટ સાગરમાં અનેક નાની મોટી નદીઓ ભળે છે અને સાગર વિરાટ સ્વરૂપ ધારણ કરે છે તેમ ભારતમાં પણ અનેક પ્રજા ભળીને ભારતનાં સંસ્કારોમાં ભળીને સાચાં ભારતીય બનીને જીવન ગુજારે છે.

તો આ ભારત-ભારતીય એ છે શું ? ભારતમાં ભારતીય થઇને રહેનારા માટે સઘળું વ્યકિત, કુટુંબ, સમાજ, વેદ, પુરાણ,ઉપનિષદ, દર્શનશાસ્ત્રો, રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો, ચાર પુરુષાર્થ, ત્રણ પ્રકૃતિ, પાપ-પુણ્ય, જન્મ પુનઃજન્મ જેવાં સોળ સંસ્કારો, ચોસઠ કળાઓ વગેરે વગેરે તેની જણસરૂપ છે. ભારત-ભારતીયતા સાથે કશીક એવી મહ્ત અને મહત્ત્વની વસ્તુ જોડાયેલી છે જે ભારતીયને એની ભારતીયતા સમેત ટકાવી રાખવામાં સફળ નીવડી છે.

## ૧:૩: 'ભારતીયતા'કોશગત અર્થ-એનું વિવરણ

આ ભારતીયતા એટલે શું? એવા પ્રશ્ન પાસે આવીને આપણે

અટકયાં છીએ.

સૌ પ્રથમ 'ભારતીયતા' સંજ્ઞાને વિવિધ કોશ અને વિદ્વાનોના મંતવ્યો દ્વારા સમજીએ :

✶ 'ભગવદ્ગોમંડલ'-ભાગ-૭માં 'ભારતીયતા' સંજ્ઞાની વ્યુત્પત્તિ આ રીતે

મળે છે: "સં. ભરત + અ સ્વાર્થવાચક પ્રત્યય"[૧૦] "વ્યાકરણગત પુલિંગ 'ભારતીયત્વ' પરથી 'ભારતીયતા' સંજ્ઞા પ્રાપ્ત થાય છે."[૧૧]

★ 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' અનુસાર " 'ભારતીય' સાથે 'તા' એ સ્ત્રીલિંગના અર્થમાં જોડાવાથી 'ભારતીયતા' સંજ્ઞા બને છે."[૧૨]

★ 'બૃહદ્ ગુજરાતીકોશ'-ખંડ ૨-સં. કેશવરામ કા.શાસ્ત્રીમાં પ્રાપ્ત થતી સંજ્ઞા 'ભારતીય-તા'(સ્ત્રી.સં.) જેના અર્થ "ભારતીય હોવાપણું, ઈન્ડિયન, નેશનાલિટી(ઈન્ડોલોજી), ભારતીય."[૧૩]

★ 'નાલન્દા વિશાલ શબ્દસાગર' શબ્દકોશ -સં. શ્રી નવલજીમાં 'ભારતીયતા'(સ્ત્રી.) માટે "ભારતીય હોવાનો ભાવ"[૧૪] એવું સમર્થન મળે છે.

★ 'હિન્દી શબ્દકોશ '-સં. હરદેવ બાહરી એ 'ભારતીયતા'(સ્ત્રી.) સંજ્ઞાનો અર્થ "ભારતીય હોવાનો ભાવ"[૧૫] એવો નિર્દેશ આપ્યો છે.

★'Diccionario'Hindi-Esponol/Esponol-Hindi-Ed. Enrique Galludjaridi ના શબ્દકોશમાં " 'ભારતીયકરણ' (Indianizacion)સંજ્ઞા પ્રાપ્ત થાય છે. બીજો શબ્દ 'ભારતીયકૃત' adj.Indianizade, Indianizar પ્રાપ્ત થાય છે."[૧૬]

★'સંસ્કૃત હિંદી ઈંગ્લીશ ડિકશનરી'-સં. શિવપ્રસાદ ભારદ્વાજ શાસ્ત્રીમાં

પ્રાપ્ત સંજ્ઞા અનુસાર 'ભારતીયતા' જેનો અર્થ થાય છે,"ભારતના હોવાનો વિશેષ ગુણ-દોષ" [17] વગેરે ભારતના નાગરિક,અંગ્રેજીમાં 'Indian characteristies, Indian nationality ' પ્રાપ્ત થાય છે.

★ 'બૃહદ્ હિંદી-મરાઠી' શબ્દકોશ-સં. ગો. પ. નેને અને શ્રીપદ્ જોશીમાં ભારતીયકરણ માટે "भारतीय बनविणें" પ્રાપ્ત થાય છે.[18]

★ 'The new shorter oxford English Dictioary' Volume - 1-A-M'- સં. લેસ્લી બ્રાઉન મુજબ "Indian માટે Indianan + AN = INDIANIAN - જેનો અર્થ 'Indiana + IAN': 'a native or Inhabitant of Indiana' આ પરથી Indianness / Indiannis / 'Indian + ness' પ્રાપ્ત થાય છે. 'Indianness' માટે 'The quality of being india or displaying Indian characteristics' પ્રાપ્ત થાય છે."[૧૯]

★ 'The new oxford' Dictionary of English' સં. જ્યુડિ પરસોલ મુજબ "Derivatives Indianization noun, Indianize [Alsoise]Verb, Indianness noun પ્રાપ્ત થાય છે."[૨૦]

ઉપર વિવિધ કોશોમાં 'ભારતીયતા' સંજ્ઞાની જે સમજ આપવામાં આવી છે એમાં મુખ્યત્વે જે અર્થ પ્રાપ્ત થાય છે તે છે,'**ભારતીય હોવાનો ભાવ'** 'ભારતીયતા' સંજ્ઞાનો વ્યુત્પત્તિગત અર્થ જોતાં એ સ્ત્રીલિંગ તરીકે પ્રયોજાય છે. કેટલાંક કોશોમાં 'ભારતીયતા' સંજ્ઞાના પર્યાયરૂપે 'ભારતીયત્વ', 'ભારતીયપણુ', 'ભારતીયકરણ', 'ભારતનિષ્ઠા', 'ભારતીયવૃતિ' જેવા અર્થ સંકેતો મળે છે. ભારતીય હોવાનો ભાવ અર્થાત્ 'ભારતીય' હોવાની અવસ્થા, એના ગુણદોષ, એના સાંસ્કૃતિકમૂલ્યો, માન્યતા પરત્વેની નિષ્ઠા પણ જોવા મળે છે.

કેટલાંકે 'ભારતીય' વિશેષણ પ્રત્યે 'તા' પ્રત્યેય લાગવાથી બનતી ભાવવાચક સંજ્ઞા રૂપે એને જોઇ છે.તો વળી,'ભારતીયતા'નો અર્થ ભારતીય મનુષ્યની ભાવના અને રાષ્ટ્રીયતા એવો મળે છે.અર્થાત્ અહીં આ ભારતીયતાએ ભૌગોલિક સીમાઓને અતિક્રમીને વિલસતું મૂલ્ય છે.

## ૧:૪: 'ભારતીયતા'-વિવિધ શ્લોકો,સૂત્રો વગેરે દ્વારા-વિવરણ

ભારતીયતાની વિભાવના આપણને કેટલાંક ભારતીય ભાષાના સુભાષિતો અને સૂકતો દ્વારા પ્રાપ્ત થઇ છે. જેનું અહીં વિહંગાવલોકન કરીશું:

★ "भारत जब तक जग में होगा

भारतीयता तब तक होगी;

भारतीयता होगी तब तक जग होगा तब तक निरोग ।। "

- **બલદેવ પ્રસાદ મિશ્ર**

★ "भारत नहीं स्थान का वाचक,गणु विशेष नर का है ।

एक देश का नहीं, शल यह भूमंडल भर का हैं ।

जहाँ कहीं एकता अखंडित,जहाँ प्रेमका स्वर है ।

देश- देश में वहाँ खडा भारत जीवित भास्वर है ।"

-રામધારી સિંહ દિનકર

★ "भारतीयता आध्यात्मिकता की तरंगो से ओत-प्रोत है ।"

- સ્વામી વિવેકાનંદ

★ "भारतीयता का प्राण धर्म है, उसकी आस्था धर्म है और उसका भाव धर्म है।

-મહર્ષિ અરવિંદ

★ "सामाजिक नैतिक और कलात्मक क्षेत्रों को भारतीयता तत्त्वदर्शन

परक सत्य और मूल्य प्रदान करती है। "

-રાધાકૃષ્ણ મુખર્જી

★ "भारतीय जीवन धीरे-धीरे जीने का जीवन है । उसमें उद्वेग और
आवेग  नहीं, सन्ताप और शान्ति ही उसके मूल आधार है ।"

-કન્હૈયાલાલ મિશ્ર પ્રભાકર

★ "औरों को हँसते देखो मनु हँसो और सुख पाओ ।
अपने सुखा को विस्तृत कर विस्तृत कर औरों को सुखी बनाओं ।"

"કામાયણી" જયશંકર પ્રસાદ [૨૧]

અહીં આપણને ભારતીયતાનું એક લક્ષણ પ્રાપ્ત થાય છે. એ જેટલી આત્મોપભોગમાં સુખ અનુભવતી નથી એટલી બીજાના દુઃખ દૂર કરવામાં અનુભવે છે. સાદું જીવન પણ ઉચ્ચવિચાર એ એનું લક્ષણ છે. આવી નિરોગી 'ભારતીયતા'માં જ એકતા, અખંડિતતા, આધ્યાત્મિકતા, કલાત્મકતા, એવી રીતે અનુસ્યૂત થઇ છે કે જેનાથી આખું ભૂમંડલ ચૈતન્યમય બની જાય છે અને એ ચેતનાનો વિસ્તાર એ ભારતીયતાનું અવરરૂપ બને છે.

### ૧:૫: 'ભારતીયતા'-ભૌગોલિક,સામાજિક,રાષ્ટ્રીય,સાંસ્કૃતિક અસ્મિતા સંદર્ભેઃ

ભારતની ભૌગોલિક અને સાંસ્કૃતિક સંપદા એ ભારતીયતાની નિજી ઓળખ છે. સમસ્ત શુભ સંકલ્પોની સાથે ભારત અને ભારતીય માટે પ્રતિબદ્ધ રહેવું અને તેનું રક્ષણ પોષણ કરવું એ પર્યન્ત 'ભારતીયતા' જ છે.

'ભારતીયતા'માં રાષ્ટ્રપ્રેમ છે. વિધવિધ સમસ્યાઓનું સમાધાન છે અને એમ સાંસ્કૃતિક ગતિશીલતા છે જેનો નિર્દેશ આપણને ઉપરનાં સુભાષિતો અને કાવ્ય કણિકાઓ દ્વારા પ્રાપ્ત થાય છે.

'ભારતીયતા' એ વાયવી સંકલ્પ નથી. ભારતીયતા એવું ઉચ્ચારણ કરવાથી કોઇ એક પ્રદેશનો ભૂ-ભાગ, એનું ક્ષેત્રફળ, એના જ્ઞાતિજૂથો, વિવિધ વર્ગો- એવું નજર સમક્ષ તરવરતું નથી. ભારતીયતા તો છે

ભારતમાં નિવસતા પ્રત્યેક ભારતીયનો પોતીકો સર્વોપરી ભાવ જેમાં સ્વ નહીં પણ સમસ્તનો મંત્ર ગૂંજે છે. જાતિ, સમુદાય, વર્ગ, પ્રદેશ, બધું જ એકમેકમાં વિલીન થઈને એ સર્વથી ઉપર વિલસતું ભાવઘટક- અસ્મિતા છે. એવું કહી શકાય.

૧:૬: 'ભારતીયતા'ની વિભાવના-વિવિધ સંદર્ભો, વિદ્વાનોનાં મંતવ્યો

'ભારતીયતા'નાં આ અર્થસંકેતો પામ્યા પછી હવે 'ભારતીયતા'ની વિભાવનાનો વિચાર કરીએ.

★ ડૉ.પ્રવીણ દરજી નોંધે છે કે,"**ભારતીયતા એક એવી બળવાન સંજ્ઞા છે,જેમા વૈશ્વિકતાનો ચહેરો પણ વાંચી શકાય,જેમાં વિશ્વમાનવનું રૂપ પણ કળી શકાય.ભારતીયાત ભારતીયતા રહીને જ વિશ્વનાં દ્વાર ખોલી આપે છે. ભારતીયતા એક સંસ્કાર છે, એક સંસ્કૃતિ છે, એક સમજ છે. જીવન પદ્ધતિ છે. ઉદાર અને ઉદાત્ત થવા ભણીનો સંચાર છે.**"[૨૨]

અહીં ભૌગોલિકતાને વટીને વૈશ્વિકફલક સુધી ફેલાતી ભાવનાનો પુરસ્કાર કરવામાં આવ્યો છે. કેવળ વ્યાપ નથી પરંતુ એક જીવન પદ્ધતિનું રૂપ ધારણ કરતી ભારતીયતાનું નવું રૂપ પ્રગટતું જોઈ શકાય છે. આપણે જાણીએ છીએ કેવળ ભારતમાં જ જે સમાય છે એવું સીમિતરૂપ માનવતાની સરહદ સુધી ભાગ્યેજ લઈ જાય એટલે જ આગળ જતાં તેમણે સમુચિતપણે નોંધ્યું છે કે,"**ભારતીયતા રૂપાન્તરે મનુષ્યમાં રહેલા શ્રેષ્ઠત્વને પ્રકાશિત કરી આપતી હોય છે.**"[૨૩]

અર્જુન ચોબે કાશ્યપ આ વાતને સમર્પિત કરતાં હોય એમ જણાવે છે કે,"ભારતીયતા વિશ્વબન્ધ છે અને એના પ્રકાશે વિશ્વના કેટલાંક ભૂ-ભાગોના જીવનતમને હટાવી ત્યાંના જન જનને વિમોહિત કર્યા પરંતુ અન્ય સંસ્કૃતિઓ પણ એનાથી પોષાતી પાંગરતી રહી અને વિશ્વના ઈતિહાસમાં પોતાનું મૂલ્ય પ્રગટ કરતી થઇ."[૨૪] અહીં પણ આ ભારતીયતાનો વિશ્વ અને તેનાં મૂલ્યો સાથેનો અનુબંધ કેવી રીતે રચાયો છે, અને વિવિધ સંસ્કૃતિઓ એના વડે પ્રકાશિત થતી રહી છે એનો નિર્દેશ મળે છે.

ડૉ. પ્રદીપ શ્રીધર ભારતીય રચનાકારો દ્વારા રાષ્ટ્રીય સાંસ્કૃતિક સર્જનાત્મકતા કેવી કેવી રીતે ધારદાર બની છે એના સંદર્ભમાં ભારતીયતાનો વિચાર વિમર્શ કરે છે, "જેમાં એમણે લોકમાનવ અને લોકસંવેદનાના સાક્ષાત્કારની અભિવ્યકિતને જોઇ છે.એને લીધે એક જાગરૂકતા આવી અને ભારતીયત ફલક ઉપર ભૌગોલિક,ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં નવા રૂપરંગને આલેખવાની ક્ષમતા વધી એના પાયામાં આ ભારતીયતાને જોવા તેઓ પ્રેરાયા છે."[૨૫]

આમ, ભારતીયતાની વિભાવના બંધાતી જાય છે. ભારત વિશાળ દેશ છે આથી આપણને ભારતીયતાનાં નવાં નવાં રૂપો પણ મળવાના. ધર્મ-અર્થ, રાજય, શિક્ષણ, સંસ્કૃતિ વગેરે સાથે એ અવિનાભાવી રૂપે જોડાયેલી છે જ જેની સાથે ભારતના વિભિન્ન ખંડો, સાગરો, નદીઓ, સૌંદર્યધામો, તીર્થક્ષેત્રો, ઐતિહાસિક સ્થળો વગેરેનું મહિમાગાન તેમાં જોડાય છે અને એમ ભારતીયતાનો વ્યાપ વધતો જાય છે.

હજારીપ્રસાદ દ્વિવેદીના મતે "'ભારતીય' એટલે ભારતમાં રહેતા વિભિન્ન ધર્મ અને જાતિના લોકો જ નહીં, પરંતુ સૈકાઓથી અનેક આક્રમણકારીઓ અહિં આવ્યા અને વસ્યા. તેમના થકી કેટલીક માન્યતાઓ, રીતરિવાજો આપણી સંસ્કૃતિમાં ભળીને એક થઇ ગયા.એ બધું પણ ભારતીયતાનો એક ભાગ છે."[૨૬]

અહીં ભારતના ભૂ-ભાગ રૂપે એનું દર્શન કરવામાં આવ્યું નથી.બલ્કે એમાં શૈવ,વૈષ્ણવો, વેદાંતીઓ, સનાતનીઓ, સંતો, બૌદ્ધો, જૈનો બધાનો જ સમાવેશ થાય છે. ઉપરાંત મુસલમાનો, શીખો, ખ્રિસ્તીઓ આદિ વિવિધ જાતિઓ અને ધર્મના મૂળ ભારતની ધરતીમાં જ ફાલ્યા-ફૂલ્યા છે. આથી આ બધાનું એકત્વ એ રીતે સિદ્ધ થતું ગયું જેણે ભારતીયતાનો આખો ચહેરો બદલી નાખ્યો અને ભારતીયતાનો નવો વિભાવ દર્શાવ્યો.

ડૉ. રેખા શર્મા લખે છે તેમ,"ભારતીયતા એક મૂલ્યવાચી વિભાવ છે એને સમજવા માટે નેશનાલિટી શબ્દ પર્યાપ્ત નથી એને સમજવા માટે સામાજિક સાંસ્કૃતિક મૂલ્યવાચક ચેતનાની ઓળખ થવી જોઇએ જેની સાથે ભારતીય વિચાર, દર્શન તથા વિવિધ પ્રવૃત્તિઓ સંકળાય છે. જેનું અવિચ્છિન્ન એકરૂપ ભારતીયતાનું દ્યોતક બને છે.[૨૭]

ડૉ.નામવરસિંહના મતે,"'ભારતીયતા' શબ્દ વિશેષ પ્રકારની માનસિકતાનું સૂચક છે. તેમણે એના પ્રચલનને ભાષાના સંદર્ભે તપાસ્યું અને નોંધ્યું કે,"એને લીધે આપણે આંતરિક સ્તરે સંકુચિત બનતા જઇએ છીએ આથી એને ભારતીય ન કહેતા અખિલ ભારતીય રૂપે જોવું જોઇએ એમ ભાર પૂર્વક નોંધ્યું છે."[૨૮] નામવર સિંહનું આ મંતવ્ય ચિંત્ય જણાય છે. ભારત જેવા બહુભાષી, બહુધર્મી અને બહુસાંસ્કૃતિક દેશમાં ભાષા

દ્વારા આંતરદષ્ટિએ સંકુચિતતા પ્રવેશવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી તેઓ એને માનસિકતાની સૂચક માનતા હોય તો આ આખી વાત વદતોવ્યાઘાત પુરવાર થાય છે. વાસ્તવમાં ભારતીયતાને કેવળ ભાષિકસ્તરે જ અવલોકવાનો ઉપક્રમ એકાંગી કહેવાય.

હિન્દીના વિદ્વાન પ્રેમશંકર આથી જ, **"આદાન પદાનને કારણે ભારતીયતાની વિભાવનામાં સમયાન્તરે જે પરિર્વતનો આવતા ગયા છે અને ધારણાઓ વિકાસ પામતી ગઇ છે એની સકારાત્મક નોંધ લે છે એમને તો પ્રાન્ત અને ભાષાઓની સીમાઓમાંથી આગળ જઇને આધુનિકયુગમાં નવી ભારતીયતાનાં સાંસ્કૃતિક સ્તરે થઇ રહેલા ઉદય માટે ગાંધીજીના યોગદાનને બહુ જ મહત્ત્વનું લેખ્યું છે. વિદેશી શાસનમાંથી મળેલી મુકિતએ બહુ મહત્ત્વની ઘટના હતી."**[૨૯] એ સંદર્ભે તેમને થયેલું ગાંધીજીનું સ્મરણ ઉચિત જણાય છે. જો કે તેમને પાછળથી આ ભારતીયતાનું જે રીતે સ્વરૂપ પરિવર્તન થઇ રહ્યું છે, તેની સખેદ નોંધ લીધી છે. તે પણ યાદ રાખવું જોઇએ.

આપણે જોયું કે ભારતીયતાનો જે રીતે વિકાસ આલેખ મળે છે તેમાં અનેક જીવન-દર્શન,પરંપરાઓ અને ભાવનાત્મક અવસ્થાઓનો ફાળો છે. એની નોંધ લેતા ડો. એન.પી. કુટ્ટન પિલ્લૈ જણાવે છે કે,**" ભારતને જે મૂલ્યસંહિતા પ્રાપ્ત થઇ છે એ મૂલ્ય ભૌતિક હોય, આધ્યાત્મિક હોય, શાસ્ત્રીય હોય કે કલાત્મક હોય આ મૂલ્યો ગતિશીલ છે અને એ જ ભારતીય જીવનદષ્ટિના દ્યોતક બને છે. જેનું પરિણમન સત્ય,શિવ અને સુંદરરૂપે,સચ્ચિદાનંદ સ્વરૂપે થાય છે."**[30] આવી ગતિશીલ ભારતીયતાને

વિદ્યાનિવાસ મિશ્ર "અનેકવિધ સંભવિતતા રૂપે જુએ છે અને કોમળ ફૂલની જેમ થતા વિસ્તારને એ દરેક ભારતીયજનની નિયતિ લેખે છે."[૩૧]

ભારતીયતાની આ ઓળખ કેટલી વ્યાપક અને ઊર્જસ્વી છે! સરોજિની નાયડુ "આવી ઉચ્ચત્તમ આધ્યાત્મિકતાની સાથે એમાં પવિત્ર પ્રવાહની ભવ્યતા જોવા પ્રેરાયાં છે."[૩૨]

ભારતીયતાનાં બહુકોણીય વિભાવમાં ડૉ. નગેન્દ્ર ઉમેરણ કરતાં લખે છે કે,"ભારતીયતા એક પ્રાચીનયુગ અને નૈતિક, સાંસ્કૃતિક મૂલ્યોના સમૂહનું નામ છે."[૩૩] આ મૂલ્યદષ્ટિમાં તેઓ ચેતનાનો સમાવેશ કરતાં કહે છે કે,"ભારતની વિકાસશીલ સામાસિક જીવનદષ્ટિ કે જીવનપદ્ધતિ તે ભારતીયતા. આ વ્યાપક અને યોગ્ય રૂપની ચેતના એટલે ભારતીયતા."[૩૪]

આવી ભારતીયતાની સંરચના કેવી રીતે બંધાય છે એ વિશે ડૉ. એન.ચન્દ્રશેખર નાયર જણાવે છે કે,"ભારતીયતા ભારત ભૂમિના નિવાસીની સામાજિક વિકાસની સતત પરિવર્તનશીલ પ્રક્રિયાની સાથે સાથે નિરંતર બનતી બગડતી વૈચારિક માન્યતાઓનું મૂર્તરૂપ છે. વૈચારિક વિરાસત છે. સામાજિક,સાંસ્કૃતિક ચિંતનનું સ્વરૂપ છે. તે એકાંગી નહિ પણ બહુઆયામી છે. સંકીર્ણ નહી,વિશાળ છે. એક મુખી નહી,અનેક મુખી છે. ભારતની ભૌગોલિક સીમાઓની અંતર્ગત ભૂતકાળ અને વર્તમાનમાં પલ્લવિત અનેક બોલી, ભાષા, રીત-રિવાજ અને સાંસ્કૃતિક માન્યતાઓની વચમાંથી પસાર થતી અર્થાત્ એને એક માળામાં પરોવતી વૈચારિક ભારતીયતાની સંરચના છે."[૩૫] વૈચારિક માન્યતાઓના મૂર્તરૂપ ભારતીયતાની રચના કેવી રીતે થાય છે એ આપણે અહી જોઈ શકીએ છીએ. આપણે જોયું કે કેટલાક વિદ્વાનો ભારતીયતાને ભૌગોલિક-સાંસ્કૃતિક

સંપદા રૂપે જુએ છે. કેટલાકે એમાં વૈશ્વિકતાનો ચહેરો વાંચ્યો છે. કેટલાકે સાંસ્કૃતિક સર્જનાત્મકતા સાથે જોડી છે. કેટલાકે એને મૂલ્યવાચી વિભાવ કહ્યો તો, કોઈક એને વિશેષ પ્રકારની માનસિકતા રૂપે જોવા પ્રેરાયું છે. ગાંધીજીના યોગદાનનું સમ્યક્ સ્મરણ પણ કરવામાં આવ્યું છે. આમ,એની સતત વિકસતી પાંગરતી વિભાવના દ્વારા એની સંરચનાનું સંવેદ્યરૂપ બંધાતું જાય છે.

૧૯૨૫માં પ્રો.સિલ્વેન લેવી જે કહે તે પણ અહીં આ સાથે જ યાદ કરવા જેવું છે.'ભારતીયતા'કે ભારતની પ્રજાની વાત કરીએ છીએ, ત્યારે સૌ પ્રથમ મહત્ત્વ બાબત તો એ બની રહે છે કે**"આપણે તેમની દીર્ઘ પરંપરાઓનો,ચાલી આવતી સભ્યતાનો વિચાર કરવો રહે .આ એક એવી પ્રજા છે, જે પ્રજાને પોતાની દીર્ઘ, અતિદીર્ઘ પરંપરાઓ છે. જે પરંપરાઓમાં કહેવાયેલો છે તેમનો ઈતિહાસ, તેમની કળાઓ, તેમનો ધર્મ અને આ બધા વિશેની સતર્કતા હજી કંઈ તેમનામાં ઓછી થઈ નથી.બલ્કે, એમ કહેવું જોઈએ કે તેઓ ભારે આતુર થઈને તે બધું વિસ્તરતું રહે તેમ ઈચ્છે છે"**[૩૬]

ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત Features of Indianness: "Indianness is a sense of Indian. nationality, individuality, A feeling of self pride that we are citizens of india, it mirrors our identity together as Indians, irrspective of casts, creed, colcur differnce in language ect. and I am proud to say that I am an indian "[37]

આ બન્ને વિદ્વાનોએ ભારતીયતાનું એક બીજું દલ ઉઘાડી આપ્યું છે. લેવી દીર્ઘ પરંપરાઓની સાથે સભ્યાતાનો વિચાર કરે છે અને એ બધા વિશેની ભારતીય પ્રજાની સત્તર્કતાની ખાસ નોંધ લે છે.આ બધું વિસ્તરતું રહે એ માટેની ભારતીયની કામનાને તેમણે બિરદાવી છે. આમ, ભારતીયતા બૃહદ્-ફલક ધારણ કરતી જાય છે.

આધુનિક ટેકનોલોજીના સમયમાં આપણને ઈન્ટરનેટ, વેબસાઈટ , બ્લોગ આદિ પર ઘણા પ્રતિભાવ પ્રાપ્ત થાય છે. એવો જ એક પ્રતિભાવ આપણે ઉપર જોયો. ભારતીયતા એટલે શું એ વિશે ત્યાં જે વિચારો રજૂ કર્યા છે તેમા અસ્મિતા ઉપર વધારે ભાર મૂકયો છે.ભારતીય અસ્મિતા કોઇ જ્ઞાતિ,સમૂહ કે જૂથ દ્વારા પ્રગટતી નથી પણ કળા, ઈતિહાસ, પરંપરા, ભાષા, સંસ્કૃતિ, જાતિ-જૂથો આદિના સમવાયમાંથી એનું પરિરૂપ બંધાતું આવે છે જેનો નિર્દેશ ઉપરના વિધાનમાં કર્યો છે.

પરંપરાઓનું જતન કરવા માટે ઘણો સંઘર્ષ કરવો પડે છે. એવું જગતના ઈતિહાસોમાં નોંધાયું છે અને છતાં ભારતની આ મહાન પરંપરાઓએ જ માનવજાતનું સંસ્કાર ઘડતર અને ચણતર કર્યું છે એની પ્રતીતિ ડગલેને પગલે થાય છે. જે સાંસ્કૃતિક દષ્ટિએ માનવીય અનુભવને સમૃદ્ધ બનાવે છે.

જર્મન પંડિત મેકસમૂલરે ભારતયતાની ઓળખ એકદમ વાતચીતની ઈષ્માભરી શૈલીમાં આ રીતે આપી છે.:

**“મને કયા આકાશ નીચે માનવજીવને પૂર્ણ વિકઝ઼ કેળવ્યો છે અને સુંદરતમ્ વિચારો ગતઈ ‘પારદર્શી’આત્મમંથનો મેળવ્યાં છે અને તેમનો સાર શાધી**

કાઢયો છે અને જે રકસ્યો પ્લેટો અને કાન્ટના વિદ્યાર્થીઓનું પણ ધ્યાન ખેંચે ચે એવું કોઇ પૂછે તો હું કહીશ ભારતવર્ષ.આપણી સંસ્કૃતિ અને સાહિત્ય જે ગ્રીક,રોમન,સમેટીક અને યાહુદીઓની સંસ્કૃતિથી ભરપૂર છે અને તેની ઉણપ પૂરનાર જે ખરેખર માનવજીવનને સુસંગત અને સાર્વભોમિક બનાવનાર તેમજ પવિત્ર અને ચિરકાળ શાશ્વત જીવનની રેખા આપનાર કયો દેશ છે તો હું કહીશ-ભારતવર્ષ"[૩૮]

મેકસમૂલર આ તુલના આપણને ઘણું બધું સમજાવી જાય છે. દુનિયાના વિવિધ દેશો એમની સાંસ્કૃતિક વિશિષ્ટાતાની પડછે ભારતની સંસ્કૃતિ અને એના વિવિધ ઘટકો સાંકળીને એમણે ભારતીયતાની વિશિષ્ટતા ઊપસાવી છે.માનવજીવનનો વિકાસ અને સુસંગત સાર્વભોમિક રાષ્ટ્રમાં રહેલી ભિન્નતા તેમને અહીં ઊપસાવી આપી છે.

ભારતીય સાહિત્યમાંથી પ્રગટતી ભારતીયાતની સુવાસ પ્રો.ગોકાક આ રીતે પામે છેઃ

**"Uniformity in the matter of choice and treatment of the themes of the writer's intense awareness of his entire culture constitutes what is known as Indianness in Indian literature."[39]**

અર્થાત્ "ભારતીય સાહિત્યની શૈલી, કથાવસ્તુ,પૃષ્ઠભૂમિ,કાવ્યરૂપ પ્રતીકા યોજના,સંગીત જીવનદર્શન આ બધું સંયોજાઇને એક અભિન્ન તત્ત્વરૂપે ભારતીય સાહિત્યની ભારતીયતા પ્રગટાવે છે."અહીં સાહિત્ય ઘટકો ઉપરાંત કળા અને દર્શનનો પણ મહિમા સ્વીકારાયો છે. ભારતીય

જીવનમૂલ્યોથી રસાયેલી એક અને અખંડ સતતવાહી એવી ભારતીયતા વ્યાપક ભૂમિકાએ ભારતના તમામ ભાષા સાહિત્યોમાંથી મળી રહે છે.પ્રદેશે પ્રદેશે એનાં રૂપો જૂજવાં હોઇ શકે પણ અંતઃસ્તત્ત્વની દૃષ્ટિએ એમાં એકત્વ અને અખંડિતતાનો ભાવબોધ થયા વિના રહેતો નથી.

રવીન્દ્રનાથ ટાગોર 'ઘરે બાહિરે'નવલકથામાં ભારતીયતાની ઓળખ સહેજ વિલક્ષણ રૂપે કરાવે છે.:

**" દેશની સેવા કરવા ખડેપગે છું.પણ પ્રણામ સત્યને જ હશે.સત્ય દેશ કરતાં દશાંગુલ ઉચ્ચ છે.દેશને દેવ માનીને વંદના કર્યા કરીએ તો દેશનું ધનોત પનોત નીકળી જાય.દેશને દેવ સમજીએ એટલે અન્યાયને ન્યાય માની બેસીએ,અકર્તવ્યને કર્તવ્ય સમજી બેસીએ અને અધર્મને ધર્મ માની બેસીએ આ વાત બરાબર નથી. દેશથી પણ ઊંચા આસને ધર્મ રહેલો છે એમ જે લોકો સ્વીકારતા નથી તેઓ દેશને પણ સ્વીકારતા નથી."**[૪૦] અહીં ટાગોર એક ડગલું આગળ વધે છે અને ભારતીયતાની પાયાની સમજ આપે છે,**"ભારતીયતામાં કોઇપણ પ્રકારની કૂપમંડૂકતા ન હોય.ભારત અને ભારતીયતા સત્યાધૃત છે.ધર્માધૃત છે."**[૪૧] એનો અર્થ સંકેત અહીં મળી રહે છે મહાત્મા ગાંધીજીએ પણ આ વાતને જુદી જુદી રીતે અનેક વખત સમજાવી છે.:

" I do not want my house

To be walled in on all sides

And my windows to be stuffed

I want the cultures of all the lands

to be blown about my house

as freely as possible

But I refuse

To be blown off my feel by any...[42]

- Mahatma Gandhi

સંકુચિતતામાંથી મુકિત અને બૃહદ્‌તા પ્રતિની સતત ગતિનો અહી અભિલાષ સેવાયો છે. ગાંધીજીએ સર્વધર્મસમન્વય અથવા સર્વના સમાદરની વાત કરી જ્ઞાતિના ભેદને નિરર્થક ઠેરવ્યો.સત્યને જ ઇશ્વર તરીકે સ્થાપીને સત્યાનો મહિમા કર્યો. ભારતીય સંસ્કાર- સંસ્કૃતિ સાથે પોતાની ધરતી ઉપર પોતાના પગને ઊભા રાખીને બધી જ દિશાઓમાંથી પવન ફૂંકાતો આવે,તેનો લાભ મળતો રહે તે માટે ઉપર નિર્દેશ્યું છે તેમ બધી જ બારી ઉઘાડી રાખવા કહ્યું. તેમને પૂરા ભારતીય રહીને, વૈશ્વિકમાનવી રહીને એની વિભાવના પોતાના વ્યકિતત્વથી ચરિતાર્થ કરીને બતાવી. સાંસ્કૃતિક બહુલતાની ચાવીઓ એમની પાસેથી આમ મળે છે. અહી જોઈ શકીશું કે આજે ૨૧મી સદીમાં ભારતીયતાનો વિચાર કરીએ છીએ ત્યારે સાંસ્કૃતિક બહુલતા વગર એની ઓળખ ભાગ્યેજ મળે. જેના ઘણાં બધાં બીજ આ ગાંધીકથિત ભાવનામાં રહેલા છે.

વિવેકાનંદને એટલે જ "ભારતના ભાતીગળ લોકજીવનના ધબકાર અને ભારતની સંસ્કૃતિના વિધવિધ રૂપોમાંથી જ ભારતનો આત્મા બંધાતો લાગ્યો છે."

**"શ્રી અરવિંદે 'જીવન' અને 'સંસ્કૃતિ'- એ બે તત્ત્વો ઉપર ભાર મૂકીને કહ્યું છે કે, જીવનમાં પરંપરાઓ , કળાઓ, રહેણીકરણી, રીતરિવાજો, ઉત્સવો, આનંદો વગેરે અભિપ્રેત છે અને સંસ્કૃતિ કણક એ સર્વથી જ બંધાતી હોય છે."**[૪૩] આ બન્નેથી અસ્પૃષ્ટ રહીને ભારતીયતા પાંગરી શકે ખરી?. આથી જ ડૉ. લક્ષ્મી નારાયણ મિત્તલ **"ભારતીયતાને જીવનશૈલી રૂપે ઓળખાવાનું મુનાસિબ માને છે."**[૪૪]

ભારતીયતા કેવળ સંજ્ઞા નથી પણ એક બુલંદ ધ્વનિ છે. જે ભારતને પ્રેમ કરે છે, જે ભારત પ્રત્યે સમર્પિત છે. જેની નિષ્ઠા ભારત માટે છે એવો એક સંસ્કાર છે. દૈનિક જીવનથી માંડીને આરોગ્ય, કુટુંબ, ઉદ્યોગ, પ્રકૃતિ, જીવનદર્શન વગેરે વગેરે સાથે એ કેવી રીતે સમરૂપ થાય છે એની વાત વિદ્વાનોએ અહીં દર્શાવી છે.

વિનોબા ભાવેએ ભારતીયતાની વિશાળતા દર્શાવતા કહ્યું છે કે, **"ભારતે બીજા દેશો પર કદી આક્રમણ નથી કર્યું પણ સંપર્ક આખી દુનિયા સાથે રાખ્યો છે. તથા આખી દુનિયામાંથી જે કોઈ પોતાને ત્યાં આવ્યું તેમનું પ્રેમથી સ્વાગત કર્યું છે, તેથી જ આપણો દેશ અનેક ભાષાઓ, ધર્મ વગેરેમાં ઝાઝો ફરક ન હોવા છતાં જુદાં જુદાં રાજયોમાં વહેંચાયેલો છે. જયારે એક ઉપખંડ જેવડો ભારત અનેકવિધ વિવિધતાઓમાં એકતા જાળવી રાખીને એક જ દેશ તરીકે રહેલો છે. ભારત એક આંતરરાષ્ટ્રીય રાષ્ટ્ર છે. એક બહુરાષ્ટ્રીય રાષ્ટ્ર છે, એમ કહી શકાય. ભારતીયતા એટલે**

જાણે અખિલ જાગતિકતાનું જ લઘુ રૂપ છે. આપણું ભારતીયત્વ આટલું વિશાળ છે. ભારતમાં માણસોને પરસ્પર જોડવાની એક અદ્‌ભુત શકિત છે. આપણા પૂર્વજોએ આવી એક વૈભવશાળી સંસ્કૃતિ અહી  વિકસાવી છે. આવી ભારતીય સંસ્કૃતિને આપણે જાળવવાની છે. હજી વધુ સભર-સંપન્ન બનાવવાની છે."[૪૫]

અહી જોઈશું કે વ્યાપક સ્વરૂપની જાગતિકતા અને વિવિધતામાં એકતાનો મંત્ર વિનોબા ભાવે આ રીતે ગૂંજતો કરે છે. કેટલાક લોકોએ ભારતીયતાની સાથે હિંદુત્વનો મુદ્દો જોડયો છે અને એને રાજકીયરૂપ આપીને સંકુચિત બનાવવાનો મિથ્યા પ્રયત્ન કર્યો છે. ખરેખર ભારતીયતા અને કહેવાતું હિંદુત્વ બન્ને અલગ છે. ભારતીયતા એવી જીવનશૈલી છે કે જે આપણે  પેઢી દર પેઢી પરંપરાથી જીવતા આવ્યા છીએ. જે આપણને સંકુચિતતા ત્યજીને વિશાળ સંસારમાં લઈ જઈને નવી દષ્ટિ આપે છે.

મલયાલમના મહાકવિજી શંકર કુરુપ પંકિત દ્વારા ભારતીયતા સમજાવે છે.

"एल्लात्तिलुं परमसुंदरमेक सत्य ।

मिल्लाय्कविल्लिवयतिन्दे बहिः स्वरूपम् ।।

અર્થાત્ "બધામાં પરમ સુન્દર અદ્વૈતનું રહેઠાણ છે. આ બધા તેનાં બાહ્ય સ્વરૂપ માત્ર છે."આ ઐકયનો સિદ્ધાંત દાર્શનિક સામ્યવાદ નથી તો બીજું શું છે? આપણા સંપૂર્ણ સાહિત્યમાં અભિવ્યકત ભારતીયતા આ જ છે."[૪૬]

ભારતીયતા કેવી રીતે પોતાની અસ્તિતા ધારણ કરતી જાય છે એનો તાત્ત્વિક નિર્દેશ અહી મળ્યો છે.

## ૧:૭: ભારતીયતા અને રાષ્ટ્રીયતા

ભારત પ્રાચીન રાષ્ટ્ર છે એની પોતાની ચિરંજીવી સાંસ્કૃતિક પરંપરા છે. કેટલાક વિદ્વાનો આ સાંસ્કૃતિક પરંપરાને રાષ્ટ્ર સાથે સાંકળે છે અને રાષ્ટ્રીયતાની પડછે ભારતીયતાને મૂકીને વિચારવા પ્રેરાયા છે. રાષ્ટ્રીયતા કોઈ એક દેશમાં રહેનાર લોકો અને સમાજની શકિત હોય છે. રાષ્ટ્ર દ્વારા જ તેની ઓળખ ઊભી થાય છે. અર્થાત્ **"રાષ્ટ્રીયતા સાથે રાષ્ટ્રની સદસ્યતા વણાયેલી છે. આ રાષ્ટ્ર બદલાય તો રાષ્ટ્રીયતા બદલાય પરંતુ ભારતીયતાને બદલી શકાતી નથી."**[૪૭]

રાષ્ટ્રીયતા અને ભારતીયતાના ભાવનાત્મક વિભાવ છે પણ બન્નેનાં રૂપ અલગ છે. કેમકે ભારતીયતા રાષ્ટ્રને અતિક્રમીને વહેતો એક સંસ્કાર છે. જયારે રાષ્ટ્રીયતા ભારતીયતાનો એક મુકામ છે. રાષ્ટ્રીયતાને અતિક્રમીને ચાલતી ભારતીયતા 'વસુધૈય કુટુમ્બકમ્' ની ભાવનાને લઈને સમગ્ર માનવવિશ્વનું કલ્યાણ ઈચ્છે છે.

આવો જ સૂર કન્નડ કવિ દત્તાત્રેય રામચન્દ્ર બેન્દ્રે પોતાની કવિતામાં રેલાવે છે. :

**"એક જ માંના બાળકો છે આપણે**
**એક જ માઈના સંતાનો છે આપણે**
**રંગ ભિન્ન આપણાં તો શું**
**આપણે આવ્યા છે એક થઈ**
**ભૂમિ ભિન્ન-ભિન્ન આપણી તો શુ**
**આપણે આવ્યા છે એક હૃદય લઈને "**[૪૮]

આમ, ભારતીયતાનું તત્ત્વ આપણને બૃહદ્તા તરફ દોરી જાય છે. કોઈકે સંસ્કૃત ભાષાના પ્રભાવથી માંડીને સંસાર વારસાને મહત્ત્વનું લેખ્યું, કોઈકે બહુભાષિકતામાંથી પ્રગટતી ઐકયતાની હિમાયત કરી તો કેટલાક વિદ્વાનો જીવનદર્શન, સંસ્કારદર્શન ને આગળ ધરે છે. કેટલાક વિવિધ સાહિત્ય સ્વરૂપો વિચારધારાઓ અને ભાવધારાઓને મહત્ત્વની લેખે છે. કેટલાકે રાષ્ટ્રીયતાના સંદર્ભે ભારતીયતાને તપાસવાની હામ ભીડી છે તો કેટલાક ધર્મ અને અધ્યાત્મને પાયાનાં ઘટકો ગણે છે. કેટલાક આ બધાના સમવાય દ્વારા નિષ્પન્ન થતાં એકભાવને ભારતીયતાનું નામ આપવા પ્રેરાયા છે અને આપણે જોયું તેમ - 'વસુધૈવ કુટુમ્બકમ્' ના ભાવનાત્મક ઘટક દ્વારા એને પામવાના પ્રયત્નો પણ થયા છે. તો અહીં પ્રશ્ન થાય છે પરંપરાથી જે ચાલ્યું આવ્યું છે એને જ આપણે ભારતીયતા રૂપે ઓળખીશું કે છેક આદિમ સમયથી આજ સુધીના કાળ પ્રવાહમાં એવું કયું ઋત છે જે ભારતીયને સતત સંકોરે છે, એની અસ્મિતાને વિધવિધ રૂપે પ્રગટાવે છે. હું કોણ છું ? થી શરૂ થતો પ્રશ્ન આ ભારતવર્ષ મારા માટે શું છે. પાસે લાવીને મને મૂકે છે ત્યારે આ શોધ કોઈપણ વિચારકને ભારતીયતાનાં મૂળ સુધી લઈ જાય છે. મારો ભૂતકાળ, મારો વર્તમાનકાળ અને મારો ભવિષ્યકાળ જેની સાથે સતત પોષાય પ્રેરાય છે તે શું છે? એનો ઉત્તર કોઈપણ સંવેદનશીલ ભારતીય માટે છે ભારતીયતા.

### ૧:૮: ભારતીયતા : અનેકતામાં એકતા

આ એકત્વ એની મૂળભૂત ઓળખ છે. નારાયણ દેસાઈ જેવા ચિંતક-વિચારકે આ વાતને વધુ વિશદ બનાવીને સમજાવી છે : "વિશ્વ ગુર્જરી

બનવા તરફ જવાનું આપણું એક મોટું પગલું હશે ભારતીય બનવાનું જો એકવાર આપણે સાચા અર્થમાં 'ભારતીય' બનીશું તો પછી તેમાંથી 'જાગતિક' બનવા સારું ઝાઝું તપ નહીં કરવું પડે. ભારતમાં જ એટલી મબલક વિવિધતા છે કે એ વિવિધતાની કદર કરતાં કરતાં જ જો આપણે એની આંતરિક એકતા પામી શકીશું તો ભારતીયતા આપણને સહેજે પ્રાપ્ત થશે. આપણા દેશમાં ભાષા વૈવિધ્ય જેટલું છે એટલું ભાગ્યે જ કોઈ બીજા દેશમાં હશે. એના સાહિત્યની શૈલીઓ, એનાં રૂપ, એનાં આકાર, એની અભિવ્યકિત એ બધાં ક્ષેત્રોમાં આપણને વિવિધતા જોવા જડશે. પણ એ બધાં વૈવિધ્યની વચ્ચેની જે એકાત્મકતા છે તેને આજે આપણે જાણે ખોઈ બેઠાં છીએ અને કમનસીબી એ છે કે આજે જયારે સંચારના સાધનો આટલાં ઝડપી અને સુલભ થઈ ગયાં છે, ત્યારે જ આપણે આપણી ભારતીય પારસ્પરિકતા લગભગ ખોઈ  બેઠાં છીએ, હજી થોડી સદીઓ પહેલાં જ નામદેવનાં મરાઠી ભજનો પંજાબીમાં ગવાતાં,બે અઢી સૈકા પહેલાં જ ગુજરાતી કવિઓ અમુક ભજનો ગુજરાતીમાં રચ્યા પછી એક ભજન હિંદીમાં રચતા. અરે, ઉત્તરપૂર્વની ખામતી આદિવાસી બોલીમાં 'ચાઓઆલડ' નામે રામકથા પ્રચલિત છે અને પ્રેમચંદ, શિવરામ કારંત પન્નાલાલ કે ફણીશ્વરનાથ રેણુનાં શબ્દચિત્રો દરેક ભારતવાસીને પોતાના પરિસરનાં વર્ણનો જેવાં લાગે છે. મલયાલમના જી. શંકર કુરુપને હિંદીના સૂર્યકાન્ત ત્રિપાઠી, 'નિરાલા'ના વિષયવસ્તુમાં કેટલું સામ્ય છે ! બંને છેવાડાના માણસના હૈયા સુધી પહોંચ્યા છે. આ બધાં અને આવાં કાંઈ કેટલાંક ભારતીયતાના લક્ષણો આપણને એકાત્મકતાનાં દર્શન કરાવે છે."[૪૯]

ભારતીયતાનું ફલક કેટલું વ્યાપક અને સર્વાશ્લેષી છે તેની અહી પ્રતીતિ થયા વગર રહેતી નથી. ડૉ. પ્રદીપ શ્રીધર ઉપર નિર્દેશી છે તેવી એકત્વની ભાવનાને બિરદાવતા કહે છે. કે :

"भारतवर्ष एक विशाल देश है । यहाँ अनेकानेक भाषाएँ और बोलियाँ बोलने वाले लोग निवास करते है । लेकिन सभी भारतीय भाषाओं के साहित्य की आत्मा एक है । और वह एकात्मता भारतीयता का सन्देश देती है । एक सामासिक संस्कृति का निर्माण करती है । हमारी सामाजिक संस्कृति का केंद्रीय तत्त्व एक है, यद्यपि इसकी अभिव्यकित का माध्यम अलग-अलग भाषाएँ और लिपियाँ है । इन राष्ट्रीय तथा क्षेत्रीय भाषाओ के साहित्य की विपुल राशि में इतनी अंतरंगता है कि बाहय भाषिक आवरण उसमें कहीं बाधक नहीं है । राष्ट्रीय सांस्कृतिक चेतना इस अंतरंगता का एक विशिष्ट पक्ष है जो समग्र रूप में 'भारतीयता' कहा जा सकता है । यही वह अंतः सलिला है जो संपूर्ण राष्ट्र के हृदय में प्रवाहमान है ।"[५०]

ઉપર નિર્દેશેલા વિદ્વાનોના મંતવ્યો આપણને ભારતીયતાનાં નવાં પરિમાણ પાસે મૂકી આપે છે. કેવળ ભાષા કે કેવળ સાહિત્ય કે કેવળ સંસ્કૃતિ ભારતીયતા નથી ભારતીયતામાં આ બધાનો વિધાયક રૂપે સમાસ થાય છે અને જે ઐકય સધાય છે એ ભાવાત્મક તેમજ વૈચારિક - સાંસ્કૃતિક ચેતના રૂપે થાય છે. તદ્ ઉપરાંત અહી રાષ્ટ્રની સીમાઓને અતિક્રમી ને વિલસતાં ભારતીયતાનાં રૂપને ખાસ મહત્ત્વ આપ્યું છે. એનાં સ્ત્રોત ભલે અલગ અલગ હોય પણ અંતસ્તત્ત્વ તો એના હૃદયમાં જ પડયું છે.

આ અંતરતત્ત્વની વ્યાપક ભૂમિકાએ ચર્ચા શ્રી યશવંત કોઠારી આ રીતે કરે છે :

**"સાહિત્યમાં જયારે જયારે ભારતીયતાની વાત નીકળે છે તો એ કહેવામાં આવે છે કે સાહિત્યમાં ભારતીયતાને શોધવીએ સાહિત્યને એક સંકુચિત સીમામાં કેદ કરવું છે. પરંતુ શું સ્વયંની શોધ જ સંકીર્ણ મનોવૃત્તિ છે? સાચું પૂછવામાં આવે તો "कोडएं" અર્થાત્ પોતાની નિજની શોધ જ ભારતીયતા છે અને એ જો સાહિત્યની સાથે મળી જાય છે તો એક સંપૂર્ણતા મેળવી લે છે. પશ્ચિમ સાહિત્યથી આક્રાંત થઈને જીવવાને બદલે આપણે આપણા સાહિત્ય, આપની સંસ્કૃતિથી ઊર્જા ગ્રહણ કરવી જોઈએ. આમ, પણ આપણે તો સંપૂર્ણ વિશ્વને એકનીડ માનીએ છીએ અને "વસુધૈવ કુટુમ્બકમ્" આપણું ચિરન્તન મંતવ્ય રહ્યું છે. ભારતીયતા તો એક પગદંડી છે જે આપણને જીવન સુધી પહોંચાડે છે."[૫૧]**

ભારતીયતા એક એવી પગદંડી છે જેમાં આગળ ને આગળ વધીએ તો જીવનના નવા આયામો મળે, નવા આયામો પ્રાપ્ત થાય અને એ દ્વારા મળતી ઊર્જાથી નિજની શોધ આદરી શકીએ એવું તત્ત્વ છે જેનો ઉપરના વિધાનમાં વિમર્શ થયો છે.

૧:૮: ભારતીયતા- વૈશ્વિકતા

આ 'ભારતીયતા' કેવળ અતીતરાગ નથી કે વિધિ વિધાન નથી પરંતુ એના તંતુઓ છેક આજ સુધી વિસ્તરેલા છે એટલે આપણે એણે પ્રણાલિઓની સાથોસાથ વૈશ્વિકીકરણના સંદર્ભે પણ જોવી પડે છે આગળ મહાત્માગાંધીનું જે વિધાન મૂક્યું છે તેને અહીં ખાસ સ્મરણમાં લેવું પડે.

ભારત સતત વિકાસ સાધતો દેશ છે. અનેક પ્રાંતો, અનેક ભાષા, અનેક સંસ્કૃતિઓ, અનેક વિધિ વિધાનોની વચ્ચે એ પોતાના મૂળિયાં વધુ મજબૂત કરે છે. આ અનેકતાના કોલાજમાંથી જ ભારતીયતાનો ચહેરો રચાય છે. અનેકતામાં એકતાના સત્યનો સાક્ષાત્કાર આપણને ભારતીય સાહિત્યમાં જોવા મળે છે. તુલનાત્મક અભિગમ દ્વારા જુદા જુદા પ્રદેશોના સાહિત્યોને જયારે જાણીએ પ્રમાણીએ છીએ ત્યારે એમાંથી ભારતીયતાનું દર્શન થાય છે. આ સાહિત્યોમાં 'ભારતીયતા' થી 'વૈશ્વિકતા' સુધી પહોંચવાનો માર્ગ છે. આ વૈશ્વિકતાની સાથે માનવતાનો ઉદ્‌ઘોષ રચતા સાહિત્યો સુધી આ તુલનાની ભૂમિકા દ્વારા જ પહોંચી શકાય છે આપણે જાણીએ છીએ કે ટાગોરકથિત આ માનવતાના રૂપો ભારતની જુદી જુદી વિચાર પરંપરાઓમાંથી પોતાનું કાઠું રચે છે. એમાં લોકસાહિત્યથી માંડીને શિષ્ટસાહિત્ય, વૈદિકથી માંડીને પ્રાંતીય અને પાશ્ચાત્ય સાહિત્ય પરંપરાઓમાંથી ભારતીયતાનાં રંગરૂપ નીખરે છે.

ડૉ. પ્રવીણ દરજી નોંધે છે તેમ, **"ભારતીયતા વાટે વિશ્વના પરિઘ સુધી પહોંચીને છેવટે પંડ ઉપર આવીને અહીં માણસ અટકે છે. પણ આ પંડમાં પછી માત્ર પંડત્વ નથી હોતું. નિજત્વની સાથે – પંડત્વની સાથે બ્રહ્માંડ પણ એકાકાર થઈ ગયું હોય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં અર્થઘટનો આવી વ્યાપક ભૂમિકાએથી જ થવાં જોઈએ."**[૫૨]

ભારતીયતાનો આ વિભાવ આપણને અહીં એક ડગલું આગળ લઈ જઈને બૃહદ્ પરિપ્રેક્ષ્યનો સાક્ષાત્કાર કરાવે છે.

### ૧:૮: ભારતીયતા – માનવતાવાદી વલણ, આદર્શનિરૂપણ

ભારતીયતાની અવધારણા ન તો સ્વયંમાં સીમિત છે કે કોઈ વૈદિક ઋષિઓના એકવર્ગીય ચિંતનના પરિણામ રૂપે પણ નથી. આ ભારતીયતા ભારતીય માનવની અભિવ્યંજના છે. વિચારની પ્રત્યેય ધારાની સમન્વિત સ્વરૂપ છે અને વિવિધતામાં એકતા છે જેમ વિવિધ નદીઓના પાણીને આત્મસાત્ કરી ભાગીરથી ગંગા એવું નામ ધારણ કર્યું છે. તેવી જ રીતે અહી ભારતીયતાનાં અનેક વિચાર દર્શન તથા ચિંતનોનો એકરૂપે સમાવેશ કરી ભારતીયતાની અવધારણાનું સ્વરૂપ સ્થાપિત થાય છે.

આવી ભારતીયતાનો પર્યાય છે -"येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम् ?"- **"જેનાથી હું અમૃતમય ન થાઉં તે રિદ્ધિ-સિદ્ધીને હું શું કરું ?"**[૫૩] આ ભાવના આપણને પુરાણો, પૌરાણિકપાત્રો, ગાંધીજી, રવીન્દ્રનાથ અને શ્રી અરવિંદના ચહેરામાંથી પોતાનું સ્વરૂપ ધારણ કરતી રહી છે. ભારત અનેક રાજયોમાં વિભકત છતાં એક અને અખંડ છે. પ્રકૃતિ તેમજ સંસ્કૃતિ – ઉભય દષ્ટિએ ભારત વધુ વૈવિધ્યસભર અને સમૃદ્ધ છે. ભારતના રાજયે રાજયે ધર્મ-સંપ્રદાય, કળા-સાહિત્ય, રીત-રિવાજો, રહેણી-કરતી વગેરેમાં પારાવાર વૈવિધ્ય અને સંકુલતા રહ્યાં છે. એમાંથી ભારતીયતાનું એક મજબૂત સૂત્ર બંધાય છે આથી ચન્દ્રકાન્ત શેઠ સમુચિતપણે નોંધે છે કે, **"ભારતીયતા સંકુચિત રાષ્ટ્રીયતા નથી તત્ત્વતઃ તે ભારતીય રંગે રંગાયેલી વૈશ્વિકતા અને માનવતા છે; અનેક સમવિષમ અનુભવોથી ઘડાયેલ-કસાયેલ એ સંસ્કારવિશેષ છે."**[૫૪]

ભારતીયતાનું દર્શન વિશાળ ભારતીય સમાજમાં, એના ગામડાંને નગરોમાં, એમના ઘરોને શેરીઓમાં, એમના ઉત્સવોને મેળાઓમાં, એમના હાટહટાણાં અને રઝળપાટોમાં અને એમના નાટકો, ભજન-કીર્તનો, રાસનૃત્યો, ખર્ઘક્રીડા કે રમતોમાં, એમના ભાષા-સાહિત્યોમાં, ધાર્મિક અનુષ્ઠાનોને વ્રતોમાં, સંગતમાં, ચિત્રકામ, શિલ્પ અને સ્થાપત્યોમાં, વેશભૂષામાં, રાચરચીલમાં – એમ અનેક ભૂમિકાઓ અને સ્તરોએ, અનેક પ્રસંગો કે પરિસ્થિતિઓનાં અવનવા રૂપે પ્રગટતું જોવા મળે છે.

જીવનનાં સ્થૂળસૂક્ષ્મ, નાનાં-મોટાં સીમિત કે વ્યાપક એવા કોઈપણ ક્ષેત્રોને અહીં બાકાત રખાયા નથી તે જોઈ શકાય છે. સંકુચિતતાનો પરિહાર કરીને સતત પુષ્પની ફોરમની જેમ પ્રસરવાનું લક્ષણ અહીં જોવા મળે છે. ટૂંકમાં ભારતીય અસ્મિતા અને માનવતાની પ્રતીતિ અહીં થાય છે.

આ માનવતા કદાચ ભારતીયતાનાં અંતઃસ્તત્વમાંથી સહજ રૂપે પાંગરે છે. આથી જ :

**" ૐ સહના વવતુ સહનૌભુનકતુ સહવીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ માવિદ્વિષાવહૈ ॥"**[૫૫]

- (કઠોપનિષદ અ. ૨૬/૧૯)

અહીં સાથે રહીને જીવન જીવવાની વાત છે. અધ્યયનને એક સાથે તેજસ્વી કરવાનું છે. પરસ્પર દ્વેષ નથી કરવો, તન અને મન થી અંદરની શાંતિ પ્રાપ્ત કરવાનું વ્રત છે. આવો એક આદર્શ જીવવું-મરવું, સાચું કે

ખોટું જે કાંઈ કરવું પડે તે એક સાથે સમુહમાં કરવાનું છે. 'સ્વ'નું પછી પણ સઘળાનું પ્રથમ એવો ક્રમ આ ભારતીયતામાં છે. બધાથી ઉપર ઊઠીને એનો રસ સર્વ સુખને પામે, સર્વ શાંતિને પામે એ રહ્યો છે. જડ, ચેતન, સર્વની એમાં ચાહના રહી છે. આથી આવી ભારતીયતાને પ્રવીણ દરજી આ રીતે ઓળખાવે છે, **"પૃથ્વીપ્રેમ, ધરાપ્રેમ, મેઘ કે વરુણનો પ્રેમ, આકાશનો પ્રેમ, વૃક્ષ કે સરિતાનો, સાગર કે પહાડોનો પ્રેમ તેને મનુષ્ય લેખે નવી રીતે ઉઘાડી આપી છે પ્રકૃતિ સાથે તેનો અવિભિન્ન સંબંધ છે."**[૫૬]

આ વાતને એક ડગલું આગળ લઈ જઈને તેમણે નોંધ્યું છે કે, **"અહી જીવન ભારતીયતા છે તો ધર્મ પણ ભારતીયતા છે. જ્ઞાતિ ભારતીયતા છે તો લક્ષ્ય પણ ભારતીયતા છે. ભારતીયતા એમ અંતે તો માનવતા પાસે જ એનું વર્તુળ પૂરું કરે છે."**[૫૭]

આવી ભારતીયતા રૂપાંતરે મનુષ્યમાં રહેલા શ્રેષ્ઠત્વને પ્રકાશિત કરી આપતી હોય છે. એના સમર્થનમાં અહીં જર્મન વિદ્વાન ગટેનું સ્મરણ થાય છે- **"ભારતીય વ્યકિતગત મનથી વિચારતો નથી તેને સામૂહિક મનથી હંમેશાં વિચાર્યું છે આમ કહીશું, અમે કોઈનો દ્વેષ નહિ કરીએ અથવા અમે આમ આનંદીશું વગેરે વગેરે ..."**[૫૮]

આવા વિચાર કે બુનિયાદી વિચારણાઓ પર્યન્તે ભારતીયતાનું રૂપ ધરે છે. એના અનુસંધાનમાં પ્રવીણ દરજીની વાત મને અહીં સમર્પક લાગી છે, **"ભારતીયતા એક એવી પદ્ધતિ છે જેમાં મનુષ્યનું સામૂહિક ઉન્નયન છે, સત્ય માટેની સામૂહિક મથામણ છે. જયાં મંગલકામના છે, સર્વના કલ્યાણનો ઉદ્દેશ છે. સ્વને ઓગાળી સર્વના ઉદયની ચેષ્ટા છે."**[૫૯]

ડો. નરેશ વેદ આ જ તંતુને સમજાવતાં જણાવે છે કે, "હું જ વિલસી રહું સહુ સંગ હું જ રહું અવશેષે, પોતાની આગવી વ્યકિતમત્તા સાચવી રાખીને સમષ્ટિ સાથે હળી ભળી વિસ્તરવા, વિલસવાની ભાવના ભારતીય પ્રજા ધરાવે છે, એટલે નાની-મોટી બાબતોમાં સ્વાર્થમૂલક ગણતરીઓ તે ટાળે છે એને બાહ્ય ભૌતિક સમૃદ્ધિની જેટલી ચાહના છે તેના કરતાં અંતરની આંતરિક સમૃદ્ધિની ખેવના વિશેષ છે...."[૬૦]

*    *    *    *    *

"ભારતીય વ્યકિતનાં શીલ અને ચારિત્ર્યના એવા કેટલાંક અંશો છે, જેના વડે તેની જીવનદષ્ટિ, વિચારરીતિ, આચારશૈલી વગેરે ઘડાયાં છે આ અંશો એટલે ભારતીયતા."[૬૧]

આમ, અહીં સુધી આપણે જે-જે વિદ્વાનો, વિચારકોના મંતવ્યો જોયાં એ પરથી એટલું કહી શકાય કે ભારતીયતાને કોઈ ચોકકસ સીમા કે પરિધિમાં મૂકીને ભાગ્યેજ તેના સમગ્રરૂપને પામી શકીએ. ભારતીયતા એક એવું ઘટક છે કે વિભાવ છે જેમાં સમગ્ર મનુષ્યજાત અને સમગ્ર સૃષ્ટિ ઓતપ્રોત થઈ જાય છે. આથી ગુજરાતી ભાષાના સર્જક-વિચારક પ્રવીણ દરજી એક રૂપક આપીને એનો વિભાવ ચરિતાર્થ કરી આપે છે :

હું 'ભારતીયતા'નો વિચાર કરું છું ત્યારે મારા મનમાં કોઈ ઘેઘૂર વૃક્ષની કલ્પના જાગે છે. કોઈપણ ડાળ ઉપરનું પર્ણ લો એનાં રૂપ-રંગ સરખાં લાગવાનાં. એના ઉપર નવાં પર્ણો ફૂટે છે, જૂનાં ખરી પડે છે છતાં પેલી ડાળીઓ અને એનું મૂળ તો ત્યારે એકસરખાં જ રહે છે, કબીરવડની જેમ એની વડવાઈઓ પણ જતે દિવસે મૂળનું રૂપ ધારણ કરી લે છે.

કયારેક મૂળ ખોળવું અઘરું બને એવો ઘાટ થઈ જાય છે. બસ, પેલી ઘેઘૂરતાને જ માણ્યા કરવાનું મન થાય. આ ભારતીયતામાં પણ એવી કેટલીક બાબતો ઘર કરીને બેઠી છે. હું આ લખું છું ત્યારે મારી સમક્ષ હજારો-હજારો વર્ષ પહેલાંનો એક સમયપટ ઊઘડી રહે છે. પેલા વેદપાઠીઓ, વેદરચયિતાઓ પેલા ઉપનિષદના ઋષિઓને હું યજ્ઞયાગાદિ કરતાં નિહાળું છું. તેઓ પર્જન્ય માટે પ્રાર્થના કરે છે, પ્રજા અને રાજાની સુખાકારી માટે હવન કરે છે. તેઓ પહાડો અને નદી-સાગરને વંદે છે, તેઓ વનસ્પતિનું પૂજન કરે છે. રાજાઓ એ ઋષિઓને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. હું કુરુક્ષેત્રનું યુદ્ધ જોઉં છું. ધર્મ અને અર્ધના પાઠની ચર્ચા સાંભળું છું. જયાજયોના ભાષ્યો સાંભળું છું. રામ અને સીતાને, પાંડવોને વનવનમાં અટન કરતાં જોઉં છું. ધરા અને આકાશ, સૂર્ય અને ચંદ્ર, જલ અને વૃક્ષ, પહાડ અને પંખી એ સર્વની એમની પાસેથી સ્તુતિ સાંભળું છું. સોળ સંસ્કારની મહત્તા પામું છું. જન્મથી મરણ સુધીનાં કેટલાં સ્તરો એમાં ઊઘડી આવ્યાં છે ! કદાચ એ ભારત છે, પેલી 'ભારતીયતા'ના સગડ ત્યાં અને એવી બીજી જગાએ પામી શકાય છે."[૬૨]

### ૧:૯: 'ભારતીયતા'-બદલાતો પરિપ્રેક્ષ્ય –આધુનિક સંદર્ભેઃ

પુરાણો, પ્રકૃતિ, સંસ્કૃતિ, રાજા, પ્રજા, સોળસંસ્કાર વગેરે છે તો એની પડછે આકાશમાં લિસોટા દોરી જતાં જમ્બોજેટ વિમાનવાળું ભારત પણ છે. સુપરસોનીટ ટ્રેન વાળું ભારત છે તો કોમ્પ્યુટર વાળું પણ ભારત છે. જુદી જુદી મિસાઈલ્સ બનાવતું અને એના પ્રયોગો કરતું ભારત પણ છે. એક બાજુ ગામડાંમાં ગાડાં, હળ વપરાય છે તો ટ્રેકટર, બાઈક અને કારની ધૂમ મચે છે. કલાસિકલ નૃત્યોની સાથે ડિસ્કોડાન્સ અને રેપ ડાન્સ

પણ છે. મોટા મોટાં પુલો બંધાય છે એટોમીક રિસર્ચ કેન્દ્રો સ્થપાય છે તો ત્યાં પૂજન વિધિ, શ્લોકો ગવાય છે અને શ્રીફળ પણ વધેરાય છે. આમ યાદી લાંબી થતી જાય અને એમાં આપણે ભારત તથા ભારતીયતાનો ચહેરો જોઈ શકીએ. તો આ ભારતીયતા શું છે? એને માટે એનાં મૂળ સુધી જવું પડે છે. પર્ણો ખરે છે, નવાં ફૂટે છે પણ પોષણતો પેલા મૂળમાંથી જ એને મળે છે. આ ભારતીયતાની ખૂબી છે. નવું અપનાવવું, જૂનાનું સંમાજર્ન કરવું અને પછી પોતાના મૂળિયાંમાં એને ભેળવી દેવું ; બધું એકાકાર કરી નાખવું.

ભારતીય સંસ્કૃતિએ અનેક ચઢાવઉતાર જોયાં છે.ઘણી ઊથલપાથલો થઈ છે. કટોકટી ઊભી થઈ છે. વિદેશી શાસનના કડવા-માઠાં અનુભવો બેસુમાર પણે ભોગવ્યા છે. ઘણી વખત મૂળિયાં હચમચી ઊઠયાં છે પરંતુ આખી સંસ્કૃતિ ધારા એ મૂળિયાં મજબૂત બનાવવા એટલી જ દઢ રહી છે એની પ્રતીતિ આપણને આખી પરંપરા પર દષ્ટિપાત કરતાં અવશ્ય થશે. ભારત ધીમે ધીમે કોસ્મોપોલિટન બનતું ગયું. વિજ્ઞાનનો એની નવી નવી શોધખોળો સમેત માનવજીવન ઉપર ઘેરો પ્રભાવ પડયો. સંચારક્રાંતિ માનવજીવનને વ્યાપી વળી એ બધાની વચ્ચે ભારતીયતાએ એના નિજત્વને છોડયું નથી. લક્ષ્મી પૂજન, સરસ્વતી પૂજન, પ્રસંગોપાત થાય છે. તો બીજી બાજુ કોમ્પ્યુટર અને છેક બેન્કોના લોકરનું પૂજન પણ આ જ ભારતમાં થાય છે. હોમ-હવન, યજ્ઞો થાય છે, વૃક્ષોનું પૂજન થાય છે. જળ અને નદીને અર્ધ્ય અપાય છે. 'અતિથિદેવો ભવ' માનીને અતિથિ સત્કાર થાય છે. વાસ્તુપૂજનો થાય છે. ગુરુપૂજન થાય છે. જન્મ-મરણ, લગ્નના વિધિવિધાનો થાય છે. માતા-પિતા પરત્વેનું ઉત્તરદાયિત્વ હજુ પણ

નિભાવાય છે. એ બધાને આપણે કયા નામે ઓળખાવીશું? આ બધું ધર્મ પ્રેરિત છે કે શ્રદ્ધા પ્રેરિત છે? ખરેખર તો આ આખી શૃંખલા આપણને ભારતીયતા અને આધુનિકતાના વિશિષ્ટ સંબંધને પ્રગટાવતા એના ચહેરાની ઝાંખી કરાવે છે. આપણાં મૂળિયાં કદાચ આમાં જ પડેલા છે. સાચો ભારતીય પોતાના મૂળિયાં છોડયા વગર આવા તત્ત્વોમાંથી પોતાની ઓળખ મેળવે છે. માતા-પિતા, આપણું ઘર, ગામ, આપણો પ્રાન્ત, આપણી ભાષા, આપણા સંસ્કાર વિશેષો, એના પ્રાચીન આધુનિક સંદર્ભો અને એમ આપણે આવીને ઊભા રહીએ છીએ ભારતની ભૂમિ ઉપર. આ બધું આપણને ગરિમા આપે છે. જે રીતે આ બધું એકત્વ ધારણ કરતું જાય છે એમાંથી જ નવું જન્મે છે એની ધારાઓ રચાય છે વળી પાછું નવું ઝીલાય છે. અને એમ આપણી જીવનદૃષ્ટિ વિચારધારાઓ, સંવેદનાઓ અને સંસ્કાર વારસો ભારતીયતાનું નક્કર ટકાઉ કાઠું રચે છે.

આપણી સદ્‌નસીબી એ છે કે આપણે વિદેશીઓના આક્રમણનો ભોગ બન્યા છીએ પરંતુ પરદેશમાં જે પ્રજાને પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ, રઝળપાટ, વિનાશકતા અને મૂળ વિચ્છેદનની યાતનાઓ સહવી પડી એની તુલનામાં ભારતીયો સદ્‌નસીબ રહ્યા છે. એમણે પુરાણો અને પૂર્વજોનો સમૃદ્ધ વારસો મળ્યો છે અને એ વારસાનું વહન કરવાની શકિત પણ મળી છે આથી નવી પેઢીને પ્રેમપૂર્વકના ભાવજગતની પ્રાપ્તિ થઈ છે અને એ ગૌરવલીલા એ ભારતીયતાને તાજી રાખી છે. 'એકોડહમ્ બહુસ્યામ્'ની વારસામાં મળેલી ભાવના આજે આધુનિક સમયમાં પણ વિકસી છે. વિદેશમાં કોઈ ભારતીય જાય તો એ તરત જ પોતાની ઓળખ હું ભારતીય છું. એ રૂપ આપશે અને જો એ વિદેશી ભારતીય હોયતો બહુ સહજ પણે

એની પેઢી દર પેઢીની સંવેદનાઓની આંતરગૂંથણી થાય છે. એ ત્યાં સમષ્ટિ થી શરૂ કરીને સ્વ પાસે આવીને અટકે છે. એમ એ વૈશ્વિકનાગરિક સહજ રૂપે બની જાય છે. આગળ ઉલ્લેખ્યું છે તેવી ગાંધીકથિત ભાવના એણે વિશ્વનાગરિક બનાવી શકે છે. ત્યાં ભાષા કે ભૂગોળના બંધનો આપ મેળે સરી પડે છે. વિશ્વનાગરિક માટેની બારીઓ ફટાફટ ખૂલી જાય છે પણ આપણે ઉપર જે રીતે વિશદ વિમર્શ કર્યો છે તેને આધારે એટલું તો નિ:શંક કહી શકાય કે ભારતીયતા વગર વૈશ્વિકતાની કલ્પના કરી શકાય નહીં. પ્રવીણ દરજીએ સમુચિત પરિપ્રેક્ષ્યમાં કહયું છે કે - **"હું ભારતીયતામાં જીવનાર વિશ્વમાનવ છું !"**[૬૩] આ એક વિધાનમાં એમણે ઘણી મોટી વાત કહી દીધી છે ! ભારતીયતાની નિ:સીમતા અહીં સઘન ભાષામાં અભિવ્યકત થઈ છે.

### ૧:૯: 'ભારતીયતા'-બદલાતો પરિપ્રેક્ષ્ય –વૈશ્વિકીકરણ સંદર્ભે:

આ વૈશ્વિકમાનવ સાંસ્કૃતિક બહુલતાની વચ્ચે વસે છે. **'અવિભક્તં વિભક્તેષુ'**[૬૪] ની દષ્ટિથી અનેકતામાં એકતાનું સંધાન કરે છે.તો બીજી બાજુ વૈશ્વિકીકરણને લીધે દેખીતો ત્વરિત વિકાસ માનવજાતને ભોગવાદ અને બજારવાદની વચ્ચે લાવીને મૂકે છે. ભૂતકાળનું ગૌરવ ઓઝપાઈ ગયું છે. થોડાંયેક વર્ષોનો વર્તમાન આપણને યુરોપ, અમેરિકા, ચીન, જાપાન જેવા દેશોના ભભકાથી આંજી નાંખે છે ભારતવર્ષ જેટલો સમૃદ્ધ અને ઉજજવળ સંસ્કાર વારસો અને ભૂતકાળ આમાંના કોઈ દેશો પાસે નથી અને છતાં ભારતીય પ્રજા ભૌતિકતાને જ જીવન માનતી થાય. એના વર્તમાનને લાલસાઓથી ભર્યો ભર્યો બનાવી દે સ્વ-કેન્દ્રી બને, કૃતક જીવનશૈલીને જ પોતાનું જીવન માની બેસે ત્યારે આ ભારતીયતા ચોક્કસ

ગૂંગળામણ અનુભવે. દેશો દેશો વચ્ચેના યુદ્ધો, દખલગીરી, આધિપત્યોની ભાવના અને એવી બધી હરકતોથી સ્વભાવિક રીતે અસલામતીની ભાવના જન્મે. એકહથ્થું શાસન માટે પોતાનો ક્રુર પંજો પાડોશી દેશો ફેલાવતા હોય ત્યારે ભારત જેવા હજારો વર્ષ જૂના વિરાટ દેશે પોતાની સાંસ્કૃતિક ગરીમાને ટકાવાવ ઝઝૂમવું પડે તો ઝઝૂમવું એવા અડગ પ્રયત્નોથી જ સાંસ્કૃતિક બહુલતાને જોવી પડે. આ સાંસ્કૃતિક બહુલતાને નિમિત્તે આ ભારતીયતાનાં મૂળિયાંનું ઉત્ખનન કેમ થાય? ભોગવાદી માનસ અને સાંસ્કૃતિક બહુલતાને બાપે માર્યા વેર છે. પણ એ નરી આંખે દેખાતા નથી. આવી કટોકટીમાંથી જ ભારતીયતા એની ધાર કાઢે છે.

વૈશ્વિકીકરણ અને બહુસંસ્કૃતિને જોવાનો ઉપક્રમ બદલવો જોઈએ. ભારત જેવા સંસ્કૃતિ પ્રધાન પ્રાચીન દેશ માટે બહુસંસ્કૃતિ જેવી સંજ્ઞા નવી નથી એમ કહેવું જોઈએ કે ભારતીય સંસ્કૃતિના મૂળમાં જ સાંસ્કૃતિક બહુલતાનાં બીજ પડેલાં છે. અહીં અનેક પ્રજા આવી ને ગઈ. અનેક શાસકોએ શાસન કર્યાને તેમના નામો નિશાન પણ મટી ગયા. એ નિમિત્તે ભારતીય સંસ્કૃતિમાં ઘણું ભળતું ગયું પણ એથી એની મૂળ ઓળખ ઘટી નથી. ઊલટાનું આવા આદાનપ્રદાન માંથી એ વધુ સમૃદ્ધ બની છે. પછી એનું નીખરેલુંરૂપ કેવું લાગે છે એ વિશે ડૉ. પ્રવીણ દરજી નોંધે છે કે, **“દ્વૈતને ઓગાળી નાખીને વેદાન્તે અદ્વૈતનો મહિમા કર્યો છે. એકમ્ સત્‌ની વાત પણ ઉપનિષદોએ કરી છે. તો સામે ઈશ્વરની બહુલ રૂપોની વાત પણ કરી છે. અહીં એક ‘હું’ની સાથે ‘બહુસ્યામ્’નો ઉદ્‌ગાર મળે છે. ‘ન ઈતિ ન ઈતિ’ની સાથે એ ઈશ્વરનાં બેસુમાર વર્ણનો પણ મળે છે. મૂળે મનુષ્ય એક જ છે, એક જ ઈશ્વર કે સત્ય છે- ની સાથે તેનાં રૂપોની બહુતાયત પણ**

એટલી જ રહી છે. ખંડમાં અખંડ અને અખંડમા ખંડ, અનેકતામાં એકતા અને એકતામાં અનેકતાએ આ સંસ્કૃતિનું કેન્દ્રીય સૂત્ર રહ્યું છે. વિભકત અને અવિભકતની આવી જુગલબંધી એ ભારતીય સંસ્કૃતિની સમ્યક્ ઓળખ રહી છે."[૬૫]

"एकं सत् विप्रा : बहुधा वदन्ति"[૬૬] માં આ જ સૂર સંભળાય છે ને ! Oneness અને આ સમન્વય ભાવના આપણી ભારતીયતાનું પાયાનું ગૃહિત છે.

વૈશ્વિકીકરણમાં કોઈ એક તબક્કે વ્યકિતને પોતાનું વ્યકિતત્વ વિકસતું જણાય તો કોઈ એક તબક્કે એવું વ્યકિતત્વ અધૂરું પણ લાગે. પૃથ્વીને ગ્લોબલવિલેજ રૂપે ઓળખાવાય છે ત્યારે સવારનો વિચાર બપોર સુધીમાં વાસી લાગે અને રાત્રે એનું સ્થાન કોઈ નવો જ વિચાર લઈ લે આવી અનેક પ્રકારની વિભકત મનોદશા માંથી આપણે વ્યકિત તરીકે પસાર થઈએ છીએ ઘણીવાર એક વ્યકિત ઈચ્છે તો પણ પોતાને પોતાના કાબૂમાં નથી રાખી શકતી. કશીક અવઢવ એને ઘેરી વળી છે. એક ચોક્કસ કારિકાને સમજે એ પહેલાં તો એ ફંગોળાઈને બીજા પ્રદેશમાં મૂકાય છે. આવી મનોદશા અને બદ્ધતાની વચ્ચે મૂકાયેલ વ્યકિત જે શોધ આદરે છે એમાંથી જો એ સફળ થાય અને ઊગરી જાય એ દ્વારા એ વૈશ્વિક અને માનવીય સત્યની સરહદ સુધી પહોંચી શકે છે. આધુનિકતા અને વૈશ્વિકીકરણની આબોહવા વચ્ચે શ્વસીને પણ તે જો આત્મસાક્ષાત્કાર કરી શકે તો ભારતીયતા એવી સાંસ્કૃતિક બહુલતાની વચ્ચે પણ પોતાનું યાથાર્થ્ય પ્રગટાવી શકે. જે વળાંક પાસે આવીને આજે એ અટકી છે ત્યાં જો વ્યકિત સતર્ક રહે તો એનો નવો સંદર્ભ ચોક્કસ રચાશે. પ્રાચીન, અર્વાચીન અને

અદ્યતન એ બધું જ એકમેક સાથે ગૂંથાઈને ભારતીયતાનાં પિંડને રચે છે અને એ પિંડ એની આંતરિક સંપદા બને છે જેને લીધે એ કાળની સામે પણ ટકી રહી છે. સરેરાશ વ્યકિતથી માંડીને બુદ્ધિજીવી અને કળાકાર એ સર્વમાં એનું આગવાપણું સિદ્ધ થાય છે.

આપણે અહીં ભારતીયતાની સંજ્ઞા સમજથી માંડીને છેક આજ પર્યંત વૈશ્વિકીકરણ સુધીના વિશાળ પટને જોયો-તપાસ્યો. આપણા વેદ ઉપનિષદથી માંડીને અર્થાત્ મૂળ સ્ત્રોતથી વૈશ્વિકતા વચ્ચે વિકસતી – પાંગરતી આ વિભાવનાને વિવિધ પરિપ્રેક્ષ્યો સાથે અવલોકી.

### ૧:૧૦: 'ભારતીયતા'ની વિભાવના- મૂળ સ્ત્રોત :

કેટલાક વિદ્વાનોએ ભારતીયતાની શોધ માટે છેક ઓગણીસમી સદી અને એથી એ આગળ જઈને એનું પગેરું શોધવાનો પ્રયત્ન કર્યો. એને માટે જરૂર જણાઈ ત્યાં પશ્ચિમી સંસ્કૃતિ સભ્યતા- શાસન સાથેના અને એની સામેના ભારતીયોના સંઘર્ષ અને સંવાદને પણ લેખામાં લીધા. ઈતિહાસની કેડીઓ અને ઈતિહાસની પુનઃસંરચનાની પ્રવૃત્તિઓને ચકાસવાનું મુનાસિબ માન્યું અને પ્રાચીન, મધ્યયુગીન, અર્વાચીન એવા યુગોના લક્ષણોમાંથી ભારતીયતાને સ્થાપવાની પ્રવૃત્તિ આરંભી સતત સંયોગ - સમાગમ - સંઘર્ષમાં આ પરંપરાઓ કેવી રીતે ઉછેરી અને પુષ્ટ થઈ છે એ માટેના વિદ્વાનોના વિચાર વિમર્શને પણ અહીં સમાવિષ્ટ કર્યો છે.

આ ભારતીય ધરતીમાંથી જન્મેલું વૃક્ષ છે જે રસકસ આ જમીનમાંથી ખેંચે છે. 'યત્ર ભવતિ વિશ્ર્વ એક નીડમ્' એ વિશ્વભારતીની માફક ભારતીયતાનો મંત્ર છે. જેમાં ભૌગોલિક, રાષ્ટ્રીય, દાર્શનિક, પરિપ્રેક્ષ્યો

એકમેકમાં સમાઈ ગયા છે. ઘણાં વિદ્વાનોએ ભારતીયતાની સમજ આપતા જુદા જુદા તબક્કા પાડયા છે અને પછી એની ઓળખ આપી છે જેમાં ભૌગોલિક, રાજનૈતિક- સામાજિક, નૈતિક - સાંસ્કૃતિક, સામાસિક જીવનદષ્ટિ અને રાષ્ટ્રીય-દાર્શનિક એમ ક્રમશઃ એના સ્વરૂપને અવલોકીને સમજાવ્યાં છે. એનું તારતમ્ય એટલું જ છે કે એમાં ભૌતિકજીવન સાથે ઓતપ્રોત થયેલી ચેતનામાં શ્રદ્ધા આ ચેતના સાથે સંબંધિત જીવનઆસ્થા- 'તેન ત્યકતેન્ ભુંજિથાહા'-, અનેકતામાં એકતા- સમન્વયભાવના માનવ ગરિમાનો સ્વીકાર – માનવવાદ, સહિષ્ણુતા અને સમભાવ અર્થાત્ રૂઢિમુકત વિકાસ અને કલ્પના વગેરે વગેરે. આમા શુદ્ધિવૃદ્ધિ તો થતી રહે છે અને એમ ભારતીયતાનો પિંડ બંધાતો જાય છે.

### ૧:૧૦: 'ભારતીયતા'ની વિભાવના-રાષ્ટ્રીય સંસ્કૃતિ – અતિક્રમણ.

કેટલીકવાર એને રાષ્ટ્રીયતાના નામે રાજકીય રંગરોગાન કરીને એ રીતે રજૂ કરવામાં આવે છે જેમાં અર્થ સંકોચ થતો જણાય છે. ટૂંકા ગણિતો, સમ્યક્ સમજશકિતનો અભાવ, તર્કવાદિતા અને પોતાની રીતે અર્થઘટન કરવાની વૃત્તિ ત્યાં જવાબદાર છે. ખરેખર તો એના પ્રાચીન રૂપને સામ્પ્રત તત્વો સાથે મૂકીને જોતાં એનું કેવું રૂપ નીખરે છે તે અભ્યાસનો વિંષય હોવો જોઈએ. વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રભાવે સમસ્ત વિશ્વ આજે ભૌગોલિક દષ્ટિએ નજીક આવતું ગયું છે ત્યારે ભિન્ન ભિન્ન દેશો ભિન્ન ભિન્ન સંસ્કૃતિ, ભિન્ન ભિન્ન ભાષા, ધર્મ, રાજય, ઉદ્યોગ, પ્રકૃતિ. વગેરેનો એકમેક ઉપર પ્રભાવ પડયા વગર રહે નહિ. વિવિધ પરંપરાઓ એકમેકના સંપર્કમાં મૂકાતા એના નવાં પરિરૂપો પ્રગટાવે ત્યારે અભ્યાસીને મન મહત્વ શાનું હોય?

અભ્યાસી અહીં જોશે કે પરંપરાઓના સમન્વયમાંથી કેટલીક નવી વિચાર પરંપરાઓ અસ્તિત્વમાં આવે છે. ત્યારે એ ભારતીયતાનાં રૂપનું પણ નવે રૂપે અર્થઘટન કરવાની શકયતા ઉઘાડી આપે છે. કેવળ આદર્શો કે સંહિતાઓ ભારતીયતા નથી. ભારતીયતા જીવનદષ્ટિ છે, જેને જીવાતા જીવન સાથે સીધો સંબંધ રહ્યો છે. પરંતુ એને નરી આંખે જોઈ શકાતી નથી એને પામવા માટે એને જીવવી પડે.એ ચૈતન્યથી સભર પદાર્થ છે તો જ એના આત્મા સુધી પહોંચી શકાય છે.

ભારતવર્ષના પ્રાચીન વારસા તરફ દષ્ટિપાત કરીએ તો પ્રજામાનસ અને જીવનશૈલી એવી હતી કે ત્યાં 'આ ભારત', 'આ સંસ્કૃતિ' 'આ રાષ્ટ્ર', 'આ ધર્મ', કે 'આ ભાષા'. એમ દરેકનો અલગ અલગ વિચાર કરવો પડતો નહોતો. એ પ્રત્યેકના અંદરના તાણાવાણા એકમેક સાથે ગૂંથાયેલા હતા. આજે આપણે વૈશ્વિકતા અને વૈશ્વિકીકરણની વચ્ચે મૂકાયા છે દેશ દેશાન્તર ભમીએ છીએ, અનેક ભાષાઓમાં હર ફર કરીએ છીએ, રહેણીકરણી અને પહેરવેશ બદલાયા છે અને એમ વૈશ્વિક હોવાની વાતો પણ કરીએ છીએ. આ પરિસ્થિતિને એમાં ઊંડે ઊતરીને તપાસીએ તો કદાચ એવું લાગે કે ભારતીયતાને પામવાની અગાઉના કરતાં આજે વધારે જરૂર ઊભી થઈ છે. ધર્મને નામે સાંમ્પ્રદાયિકતાના નર્યા બિભત્સ રૂપો ફૂલ્યા-ફાલ્યા છે. રાષ્ટ્રને નામે એકહથ્થું શાસનભૂખ એનો વિકરાળ પંજો ફેલાવતો રહ્યો છે, અર્થકારણના નિમિત્તે બજાર અને લાલસા વકરતી ચાલી છે, સમાજકારણના નિમિત્તે વિકૃત જ્ઞાતિ પ્રથા, કોમવાદ, પ્રતિબદ્ધતાની પોકળતા અને સંસ્કારના નામે ડોળ, અંધશ્રદ્ધા અને અમાનવીય ઘટકો સામ્રાજય ભોગવતા થયાં છે એવાં સમયમાં જો

ભારતીયતા વિશે કશું પણ વિચારીએ તો સૌ પહેલાં આ કટોકટીમાંથી ઉગરવાનો માર્ગ શોધવો પડે એ માટેના ક્રિયાકાર્યોને ઊભા કરવાં પડે. સમતા અને મમતાથી વર્તવું પડે. વાસ્તવિકતાના સાચુકલા ચહેરાને શોધવો પડે. પવનની દિશાને સમજવી પડે અને આ બધાને તિરસ્કાર-પુરસ્કાર દ્વારા અવલોકીને એના હાર્દ સુધી પહોંચવા મથવું પડે છે. જે પ્રાપ્ત થાય છે એ ભારતીયતાને ખંડમાં અખંડ અને અખંડમાં ખંડ, અનેકતામાં એકતા અને એકતામાં અનેકતા, વિભકત અને અવિભકત એવા તપાસ બિંદુઓનું એ ફળ બને છે.

## ૧:૧૦: 'ભારતીયતાની વિભાવનાઃ કેવળ આદર્શ ?- આજે એની સાભિપ્રાયતા કેટલી?

આજના સમયમાં ભારતીયતાની સાભિપ્રાયતા કેટલી? આ પ્રશ્નનો ઉત્તર અભ્યાસી માટે બહુ જ મહત્ત્વનો છે. કેમકે પરંપરાગત માનસ તો ભારતીયતાને પ્રાચીનતા સાથે જોડીને પોતાની વાત આટોપી લેશે. પરંતુ

હવે આ ચર્ચાને આધારે આપને એટલું તો કહી શકીએ કે ભારતીયતા કેવળ પુરાતન ઘટક નથી. એ સાતત્યપૂર્ણ ઘટક છે. જેને સમયે સમયે જોવી મૂલવવી પડે. નવાં નવાં આયમો બનતા રહે છે. સીમિતતાને અતિક્રમવા માટે જાગૃત વ્યકિત સતત મથામણ કરતી હોય છે 'હું કોણ છું'?, 'તું કોણ છે'?, 'આ મારું છે.', 'આ મારું ગામ છે.', 'આ મારો દેશ છે' વગેરે પ્રશ્નો એના જીવનમાં જુદા જુદા પરિપ્રેક્ષ્યોમાં સતત પડઘાય છે અને માનવચેતના એના ઉત્તરો મેળવવાના પ્રયત્નો કરે છે. કેટલીકવાર એ વિધિ વિધાનો, કર્મકાંડ વગરેને જ જીવન માની બેસે છે અને એ જીવન જ એમને ભારતીયતા લાગે છે. તો ઘણીવાર આ પ્રશ્નોના ઉત્તર માટે અહર્નિશ

રઝળપાટ અને સંઘર્ષ કરે છે પણ એના આંતરહેતુને પામ્યા વગર રહેતા નથી. 'હું', 'તું', 'મારું', 'તારું', 'આપણું ', 'ઘર', 'ગામ', 'દેશ', વગેરેનું પરિમાર્જિત રૂપ જયારે પામે છે ત્યારે જ એને કરાર વળે છે, એને માટે આ જ ભારતીયતા બને છે. સ્વ-સમષ્ટિનું એકત્વ એ જ પેલી ભારતીયતા. ભાષા, ભૂમિ-પ્રકૃતિ-સંસ્કૃતિનો સમવાય એ જ આ ભારતીયતા, સ્નેહલીલા, ગૌરવલીલા, દષ્ટિકોણ, જીવનપદ્ધતિ વચ્ચેના સમન્વયમાંથી પાંગરતું તત્ત્વ એ જ આ ભારતીયતા પ્રણાલીઓ, પરંપરાઓ, સંસ્કારવિશેષો, સંઘર્ષ, સંવાદ વગેરેનું કોળેલું સમ્યક્ દર્શન એ જ આ ભારતીયતા. રાષ્ટ્રીયતા, વૈશ્વિકતા અને માનવતા, સાંસ્કૃતિક બહુલતાના સમવાયમાંથી જેનું સત્ય મ્હોરી ઊઠે છે એ જ આ ભારતીયતા. પ્રાચીનતા, આધુનિકતા અને અદ્યતનતામાંથી જે ઐકય પ્રગટ થાય એ ભારતીયતાની ઓળખ બને છે.

"यूनान, मिस्त्र, रोमां मिट गये जहाँ से,

कुछ बात है कि हस्ती मिटती नहीं हमारी ।"[६७]

-ઈકબાલ

કવિ ગુરુ રવીન્દ્રનાથ ઠાકુરની આ પંકિતનો ભાવ આને મળતો આવે છે.:

"હે મોર ચિત્ત, પુણ્ય તીર્થે જાગો રે ધીરે

એઈ ભારતેર મહામાનવેર સાગરતીરે."[૬૮]

(જેમ મહાસાગમાં અનેક નદીઓ આવીને ભળી જાય તેમ આ દેશમાં મનુષ્યોની અનેક ધારાઓ આવીને વિલીન થઈ ગઈ છે.)

અર્થાત્ ભારતીયતાએ સતત ગતિ કરતું તત્ત્વ છે. કોઈપણ પ્રકારના કલેશ વગર, પ્રાચીનને જાળવીને નવું અપનાવવું એની પ્રકૃતિ છે.પોતાના મૂળિયાંમાં એને ભેળવીને બધું એકાકાર કરી નાખવું એનું બીજુ નામ 'ભારતીયતા' છે.

ઉપર જાયું જ છે એ રીતે પુરાતન વિચારધારાઓના સત્વની પડછે. ભારતીયતાનો બીજો છેડો આકાશમાં લીસોટા દોરી જતાં જમ્બોજેટ વિમાનો વાળા ભારત સુધી લંબાઈ છે. એટોમીક રીએકટરવાળા ભારત સુધી લંબાઈ છે. સુપરસોનીક ટ્રેન કે બુલેટ ટ્રેન સુધી લંબાઈ છે અને એમ એના મૂળિયાં મજબૂત બને છે. કહો કે એ બધાની વચ્ચેથી જ એની અસ્મિતા સમૃદ્ધ બને છે એમ પણ શ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ, "True Indianness transcends India "[૬૯] અર્થાત્, "સાચી ભારતીયતા ભારતને અતિક્રમી જાય છે." આ અતિક્રમણ પછી પણ એનું સ્વત્વ જે રીતે યુગોથી ઝમતું રહ્યું છે એમાંથી જ ભારતીયતાનું પગેરું મળે છે.ચન્દ્રકાન્ત શેઠ કહે છે કે, **"ભારતીય જીવનમૂલ્યોથી રસાયેલી એક અને અખંડ, સતતવાદી એવી-'ભારતીયતા' – સંજ્ઞિત સંસ્કારધામનું દર્શન, વ્યાપક ભૂમિકાએ, ભારતનાં તમામ ભાષા-સાહિત્યોમાંથી મળી રહે છે."**[૭૦]

## ૧:૧૦: 'ભારતીયતા'ની વિભાવના: ભારતીયતા અને વૈશ્વિકતા

વિજ્ઞાન અને સંચાર ક્રાંતિ વૈશ્વિવકીરણના પ્રભાવ હેઠળ આજના ભારતની છબિના રંગો અલબત્ત બદલાયા છે. કેટલીક રેખાઓ ઝાંખી થઈ

છે, કેટલીક નવી રેખાઓ ઉમેરાતી ગઈ છે. આધુનિક સમાજે કેટલાંક રીતિ-રિવાજોમાં પરિવર્તન આણ્યું છે. જ્ઞાતિ-જાતિના બંધનો શિથિલ થયા છે. વહાણવ્યવહાર અને સંદેશા વ્યવહાર બન્નેએ માણસને એકબીજાની નજીક મૂકી દીધો છે.છતાં પણ આંગણામાં તુલસીને ઉછેરવામાં, ગાયના સ્પર્શમાં કે તેના દર્શનમાં તેનો રસ હજી જળવાયેલો છે. હજુ સ્ત્રીઓ વટસાવિત્રી અને કડવાચોથનું વ્રત કરે છે. હજારો વર્ષ પૂર્વે અને આજે પણ ઊગતા સૂર્યનું ચિત્ર દોરવું માણસને ગમે છે. ક્રિકેટ, હોકી, ટેનિસ જેવી રમતોની સાથે કબડ્ડી, સાતતાળી, ગિલ્લી ડંડા જેવી રમતો રાષ્ટ્રીય-આતરરાષ્ટ્રીય સ્તરે આજે પણ રમાય છે.ડિસ્કો કે ઝાઝનૃત્યની સાથે પારંપારિક રાસ ગરબાનું આકર્ષણ યુવા પેઢીને સહેજ પણ ઓછું થયું નથી ટૂંકમાં" ભારતીયતાનું બાહ્ય સ્તર બદલાતું જણાય પરંતુ આ સર્વ ઉપર આક્રમણ થયાં પછી પણ એમાંથી જ એનું સમન્વય રૂપ ઊઘડી રહે છે એ જ ભારતની સાચી છબિ છે.પેલું મૂળ ભારતીયતાનું તત્ત્વ હજી અક્ષુણ્ણ છે. વિવિધતાભર્યા ભારતને, ભારતીયતાને એ સંદર્ભે જ પામી શકાય ને"[૭૧] એવું ડો. પ્રવીણ દરજી સમયોચિત રૂપે નોંધે છે.

ભારતીયતાનાં વિધવિધ ચહેરા આપણને ભારતીય સાહિત્યમાંથી બેસુમારપણે મળે છે.સમય સમયની દેશની સંકુલ સ્થિતીઓ એ સમયના માણસની સામેના પડકારો એ બધુ ભારતીય સર્જકોની કૃતિઓમાં આશ્ચર્ય પામીએ ને સાથે ગર્વ પામીએ એવી રીતે પ્રગટ થતું રહ્યું છે. ભારતીયતાનાં સંદર્ભમાં એ સર્વનો નવેસરથી વિચાર વિમર્શ થવો જરૂરી છે. એ દ્વારા પ્રાચીન ભારતની નાડીઓના ધબકારની સાથે આજના ભારતની નાડીના ધબકારને સાંભળી શકાશે. વૈશ્વિકચેતનાનાં મૂળમાં પોતાના મૂળિયાં રોપીને ભારતીય ચેતનાને નવી આબોહવા દ્વારા પામી શકીશું. ટૂંકમાં ડો.

પ્રવીણ દરજી કહે છે તેમ, "જો વૈશ્વિકતા શ્વાસ છે તો ભારતીયતા આત્મા છે."[૭૨]

## સંદર્ભસૂચિ :

૧. ભગવતસિંહજી,'ભગવદ્ગોમંડળ'–ભાગ-૭,મ્યુ.કોર્પોરેશન,રાજકોટ, પુર્નમુદ્રણ-૧૯૮૬ , પૃ.૬૬૬૮

२. काश्यप, अर्जुन चोबे, 'आदि भारत', वाणी विहार, बनारस, प्रथम आवृत्ति- १९५३, पृ.५

३. ठाकुर, कवीश्वर, 'हिन्दी साहित्यमें राष्ट्रीय एवं भावात्मक एकता', प्रकाशन संस्थान, न्यु दिल्ही, प्रथम संस्करण, २००९पृ.११

૪. એજન, પૃ-૧૧

૫. વ્યાસ, મહર્ષિ વેદ, અનુવાદ : શાસ્ત્રી ગિરિશંકર મયાશંકર, 'શ્રી વિષ્ણુ પુરાણ' – અધ્યાય-૩, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- ૨૦૦૧, પૃ-૧૩૪

૬. વ્યાસ, મહર્ષિ વેદ, અનુવાદ : જાની હિમ્મતરાય મહાશંકર, 'મત્સ્ય મહા પુરાણ', સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ- ૧૯૮૩, પૃ-૨૧૨

७. शास्त्री म. म. सिद्धेश्वर, 'भारतवर्षीय – प्राचीन कोश', भारतीय चरित्र कोश मंडल, पूना, आवृत्ति – १९६८, पृ- ५४२,५४३

૮. જોશી, ઉમાશંકર, 'સમગ્ર કવિતા'-ભારત,ગંગોત્રી ટ્રસ્ટ, અમદાવાદ, પુનર્મુદ્રણ-૨૦૦૧, પૃ-૪૦૨

૯. કાપડિયા, હીરાલાલ રસિકલાલ, 'શ્રી સયાજી સાહિત્યમાળા– પૃષ્પ-૩૩૬'-'શ્રી હરિભદ્રસૂરિ', પ્રાચ્ય વિદ્યા મંદિર, વડોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૬૩ - પૃ-૧

૧૦. ભગવતસિંહજી, 'ભગવદ્ગોમંડળ'–ભાગ-૭,મ્યુ. કોર્પોરેશન, રાજકોટ, પુનર્મુદ્રણ-૧૯૮૬ , પૃ.૬૬૭૦

૧૧. એજન, પૃ.૬૬૭૪

૧૨. ગાંધીજી,'સાર્થ ગુજરાતી જોડણીકોશ', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પુનર્મુદ્રણ-૨૦૦૫ , પૃ૬૯૬

૧૩. શાસ્ત્રી,કેશવરામ.કા.,'બૃહદ્ ગુજરાતી કોશ ખંડ-૨',યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, આવૃત્તિ-૧૯૮૧, પૃ.૧૬૭૭

૧૪. શ્રી નવલજી,'નાલન્દા વિશાલ શબ્દસાગર', ન્યુ ઈમ્પીરિયલ બુકડેપો, દિલ્હી, આવૃત્તિ સંવત- ૨૦૦૯ , પૃ. ૧૦૧૮

૧૫. બાહરી, 'હરદેવ, હિન્દી શબ્દકોશ', રવીન્દ્ર પ્રેસ, દિલ્હી, આવૃત્તિ - ૧૯૯૪, પૃ.૪૨૫

૧૬. Jaridil, Enrique Gallud,' Diccionario Hindi-Espanol / Espanol – Hindi', Think publishers, First Edition -1990, Page -197, 198

૧૭. શાસ્ત્રી, શિવપ્રસાદ ભારદ્વાજ,'સંસ્કૃત હિન્દી ઈંગ્લીશ ડિકશનરી', રાધા પબ્લિકેશન, દિલ્હી, આવૃત્તિ -૨૦૦૪ , પૃ.૬૩૪

૧૮. નેને, ગો.પ; જોશી શ્રીપાદ,'બૃહદ્ હિન્દી-મરાઠી શબ્દકોશ', ગ.વા.કરમરકર, પુના, પ્રથમ આવૃત્તિ - ૧૯૬૪ , પૃ.૪૭૦

૧૯. Brown, Lesley, 'The new shorter oxford English Dictionary Vol.1 AM' clarendon press oxford, newyork, Edition-1993, Page – 1348

२०. Pearsall, Judy, 'The new oxford, Dictionary of English', calerendon press oxford, Newyork, Edition -1998 page -928,929

२१. मैनी, धर्मपाळ और अन्य, 'मानव मूल्य परळ शब्दावली का विश्वकोश' -खंड-३,पृ. १२८९

૨૨. દરજી, પ્રવીણ,'ભારતીય શબ્દ અને સંવેદના', રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૦ ,પૃ.૯૭

૨૩. એજન, પૃ-૧૧૯

२४. काश्यप, अर्जुन चोबे, 'आदि भारत', वाणी विहार, बनारस, प्रथम संस्करण- १९५३, पृ.५

२५. श्रीधर, प्रदीप,'भारतीय साहित्य अध्ययन की नई दिशाएँ', तक्षशिला प्रकाशन, दिल्ही, प्रथम संस्करण- २०१०, पृ.६४

૨૬. તિવારી, ભોલાનાથ, 'ભારતીય સાહિત્યનો સમેતિક ઈતિહાસ', ફા.ગુ.સા. ત્રૈમાસિક, જુલાઈ-સપ્ટેમ્બર- ૨૦૦૪ ,પૃ.૧૫૯

२७. शर्मा, रेखा, 'केरल का स्वातंत्र्योत्तर हिन्दी साहित्य – डॉ. एन चन्द्रशेखर नायर के साहित्यमें अभिव्यक्त जीवनमूल्य', अभिषेक प्रकाशन, दिल्ही, प्रथम आवृत्ति-२००४ पृ. ४१३.

२८. सं.चौहाण महावीरसिंह,'तुळनात्मक साहित्य सिद्धांत और समीक्षा', पार्श्व पब्लिकेशन, अहमदाबाद, प्रथम संस्करण- १९९४, पृ.४

२९. प्रेमशंकर,'सृजन और समीक्षा', प्रकाशन संस्थान, दिल्ही, प्रथम आवृत्ति- १९८७, पृ.९,१३

૩૦. पिल्लै एन.पी.कुटट्न,'अध्याय और अनुशीलन (साहित्यिक समीक्षा)', रोहीत प्रकाशन, हैदराबाद, प्रथम आवृत्ति-२०००,पृ.१,२

૩૧. मिश्र, विद्यानिवास, 'नदी, नारी और संस्कृति', प्रभात प्रकाशन, दिल्ही, प्रथम आवृत्ति-१९९३, पृ.१९

૩૨. Kaur, Satvinder, 'Sarojini Naidu’s Poetry : Melody of indianness', sarup & sons, Delhi, First Edition – 2003, page-1

૩૩. नगेन्द्र,'नये समीक्षा नये संदर्भ,' नेशनल पब्लिशिंग हाऊस, दिल्ही, प्रथम संस्करण- १९७० , पृ.८५

૩૪. अेजन, पृ.८६

૩૫. नत्थनसिंह, 'भारतीयता के संरक्षक साहित्यकारः डॉ. एन.चन्द्रशेखरन नायर', विभूति प्रकाशन दिल्ही, प्रथम संस्करण-१९९३, पृ.१०

૩૬. દરજી, પ્રવીણ,‘ભારતીય શબ્દ અને સંવેદના’,રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૦,પૃ.૧૦૫

૩૭. Internet, ‘Features of Indianness’, answers, yahoo .com, Internet.

૩૮. દેસાઈ,ઈશ્વરલાલ, કરસનજી,‘જર્મનીમાં ભારતીય સંસ્કૃતિ’, સંસ્કાર,૧૯૬૬-૬૭ પૃ.૧૪

૩૯. Gokak, V. K.,'The concept of Indian literature', Munshiram Manoharilal Pub. pvt. ltd. Delhi, Eddition – 1979.

૪૦. દરજી, પ્રવીણ,‘ભારતીય શબ્દ અને સંવેદના’,રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૦,પૃ.૧૦૬

૪૧. એજન, પૃ.૧૦૬

૪૨. Kapur, Deepak, 'The Quintessence of Gandhi in his own words', Madhu Muskan Publication Private Ltd. New Delhi, First Eddition -1984 page -29

૪૩. દરજી, પ્રવીણ, ભારતીય શબ્દ અને સંવેદન, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ -૨૦૧૦,પૃ.૧૦૬ .

૪૪. मित्तल लक्ष्मी नारायण, 'भारतीयता के विविध रंग', भारतीय प्रकार.कोम, २ अेप्रिल २०११

૪૫. ભાવે વિનોબા,'ભારતીય સંસ્કૃતિ', યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ-૨૦૦૪,પૃ.૧૦

૪૬. पिल्लै एन.पी.कुटट्न, 'अध्याय और अनुशीलन (साहित्यिक समीक्षा)', रोहीत प्रकाशन, हैदराबाद, प्रथम संस्करण- २०००, पृ.४

૪૭. આશર, બિપિન, 'કથાન્તર્ગત', વાસુકિ પ્રિન્ટિંગ પ્રેસ, રાજકોટ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૮ ,પૃ.૮૦

૪૮. श्रीधर प्रदीप, 'भारतीय साहित्य अध्ययन की नई दिशाएँ', तक्षशिला प्रकाशन, न्यु दिल्ही, प्रथम संस्करं-२०१०, पृ.१९

૪૯. દેસાઈ, નારાયણ,'ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવીએ', પરબ, ફેબ્રુઆરી-૨૦૦૮ અંક-૮ ,વર્ષ-૨,પૃ.૭

૫૦. श्रीधर प्रदीप, 'भारतीय साहित्य अध्ययन की नई दिशाएँ', तक्षशिला प्रकाशन, न्यु दिल्ही, प्रथम संस्करं-२०१०, पृ.५८

૫૧. 'यशवंत कोठारी का आलेख : साहित्यमें भारतीयता के मायने, रचनाकार '– इन्टरनेट पर हिन्दी साहित्य का दस्तावेजीकरण का एक सार्थक प्रयास, ३ नवम्बर,२००९

૫૨. દરજી, પ્રવીણ,‘ ભારતીય શબ્દ અને સંવેદના’, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ -૨૦૧૦ , પૃ.૧૨૦

૫૩. શેઠ, ચંદ્રકાન્ત, શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યા વિસ્તાર-ગ્રંથશ્રેણી : ૫-‘ભારત પ્રતિભા અને પરિદર્શન’, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ -૨૦૦૩ , પૃ.૨

૫૪. એજન, પૃ.૨

૫૫. મારફતિયા, મૃદુલા, ‘કઠોપનિષદ’, ગૂર્જર પ્રકાશન,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૪ પૃ. ૮૬

૫૬. દરજી, પ્રવીણ,‘ ભારતીય શબ્દ અને સંવેદના’, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૦ , પૃ.૧૨૦

૫૭. એજન, પૃ. ૧૨૦

૫૮. એજન, પૃ. ૧૦૭

૫૯. એજન, પૃ. ૧૦૭

૬૦. વેદ,નરેશ,‘ભારતીયતા’,ગુજરાતીદીપોત્સવ વિ.સં.૨૦૬૧, પૃ.૧૪૬

૬૧. એજન, પૃ.૧૪૬

૬૨. દરજી, પ્રવીણ,‘ ભારતીય શબ્દ અને સંવેદના’, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૦ ,પૃ.૯૩,૯૪

૬૩. એજન, પૃ.૧૦૦

૬૪. ठाकुर, कवीश्वर, हिन्दी साहित्यमें राष्ट्रीय एवं भावात्मक एकता, प्रकाशन संस्थान, न्यु दिल्ही, प्रथम संस्करण- २००९, पृ.१४

૬૫. દરજી, પ્રવીણ, ‘ભારતીય શબ્દ અને સંવેદના’, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ -૨૦૧૦ , પૃ.૧૨૦

૬૬.ठाकुर, कवीश्वर, 'हिन्दी साहित्यमें राष्ट्रीय एवं भावात्मक एकता', प्रकाशन संस्थान, न्यु दिल्ही, प्रथम संस्करण-२००९, पृ.१५

૬૭.એજન, પૃ. ૧૮

૬૮. પટેલ, ભોળાભાઈ, 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર', ગુજરાતી સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૬ , પૃ.૨૪૪

૬૯.એજન, પૃ.૨૪૩

૭૦.ઠાકર, ધીરુભાઈ, 'ગુજરાતી વિશ્વકોશ', ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૩ , પૃ.૪૪૩

૭૧.દરજી, પ્રવીણ, 'ભારતીય શબ્દ અને સંવેદના', રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૦ , પૃ.૧૩૫

૭૨.એજન, પૃ. ૧૪૫